# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com


**આજનો સુવિચાર**

કિરણ ભલે સૂરજની હોય કે આશાની હોય, તે આપણી જિંદગીમાંથી અંધકારનો નાશ કરે છે!


વર્ષ : ૪૮ અંક : ૨૫૯ જૂનાગઢ તા.૧૪-૧૦-૨૦૨૪ સોમવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 259, Junagadh : Date : 13 October, 2024, Monday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


## ગમે ત્યારે મહારાષ્ટ્ર - ઝારખંડ વિધાનસભાની ચૂંટણી જાહેર થશે

### ચૂંટણી જાહેર થાય તે પહેલા મુંબઈમાં તમામ ટોલ ફ્રી કરાયા




નવી દિલ્હી, તા.૧૪: હરિયાણા અને જમ્મુ-કાશ્મીર વિધાનસભાની ચૂંટણી બાદ હવે તમામની નજર મહારાષ્ટ્ર અને ઝારખંડમાં યોજાનારી વિધાનસભા ચૂંટણી પર છે. ચૂંટણી પંચ હવે બાકીના બે રાજ્યોમાં ચૂંટણી કરાવવાની તૈયારી કરી રહ્યું છે. ચૂંટણી પંચ ગમે ત્યારે મહારાષ્ટ્ર અને ઝારખંડ વિધાનસભા ચૂંટણીની તારીખોની જાહેરાત કરી શકે છે. પ્રાપ્ત માહિતી મુજબ આ બંને રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી નવેમ્બરના બીજા કે ત્રીજા સપ્તાહમાં યોજાય તેવી શકયતા છે. તે સાથે યુપી પેટાચૂંટણીની તારીખ પણ આજે જાહેર થઈ શકે છે. મહારાષ્ટ્રમાં ૨૬ નવેમ્બરે અને ઝારખંડમાં ૨૯ ડિસેમ્બરે સરકારનો કાર્યકાળ પૂર્ણ થઈ રહ્યો છે. દર વખતે ઈલેકશન કમિશન સરકારની મુદત પૂરી થવાના ૪૫ દિવસ પહેલા આચારસંહિતા લાગુ કરે છે. જો કે મહારાષ્ટ્ર સરકારના કાર્યકાળ પર નજર કરીએ તો હવે માત્ર ૪૦ દિવસ બાકી છે. આ જ કારણ છે કે ચૂંટણીની જાહેરાતને લઈને રાજકીય વર્તુળોમાં અટકળો શરૂ થઈ ગઈ છે.

મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી પહેલા મુખ્યમંત્રી એકનાથ શિંદેએ મોટો નિર્ણય લીધો છે. કેબિનેટની બેઠકમાં મોટી જાહેરાત કરતા શિંદેએ કહ્યું કે મુંબઈમાં પ્રવેશતા તમામ પાંચ ટોલ બૂથ પર હળવા મોટર વાહનો પાસેથી કોઈ ટોલ વસૂલવામાં આવશે નહીં. મુખ્યમંત્રીએ કહ્યું કે આ નિર્ણય આજે રાતથી એટલે કે ૧૪ ઓક્ટોબરથી લાગુ કરવામાં આવશે

શિંદે સરકારની કેબિનેટ બેઠકમાં ઘણા મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા હતા. બેઠકમાં નિર્ણય લેવાયો હતો કે હવે મુંબઈ આવતા કોઈપણ હળવા વાહન પાસેથી ટોલ ટેક્સ લેવામાં આવશે નહીં.

## અંકલેશ્વરમાંથી ઝડપાયેલા રૂા.૫ હજાર કરોડનાં કોકેઈન પ્રકરણમાં કંપનીનાં ત્રણ ડિરેકટરોની ધરપકડ

અંકલેશ્વર તા. ૧૪

એશિયાની સૌથી મોટી ઔદ્યોગિક વસાહત અંકલેશ્વરની આવકાર ડ્રગ્સ નામની કંપનીમાંથી રૂપિયા ૫,૦૦૦ કરોડની કિંમતનું ૫૧૮ કિલો કોકેઈન ઝડપાયાના મામલામાં પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવી છે. પોલીસ દ્વારા કંપનીના ૩ ડિરેક્ટરો સહિત કુલ પાંચ લોકોની ધરપકડ કરવામાં આવી છે. પોલીસે ગત મોડી રાત્રે કંપનીના ડિરેક્ટરો અશ્વિન રામાણી, બ્રિજેશ કોથીયા, વિજય ભેસાણીયાની ધરપકડ કરી છે.

દિલ્હી પોલીસ દ્વારા દિલ્હીમાંથી ઝડપાયેલ ડ્રગ્સના મામલાની તપાસમાં અંકલેશ્વરને આવકાર ફાર્મા કંપનીમાંથી કેટલુક મટીરીયલ મોકલાયું હોવાનું બહાર આવ્યું હતું. જેના આધારે ગુજરાત અને દિલ્હી પોલીસ દ્વારા સંયુક્ત ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતુ અને જીવન રક્ષક દવાઓની આડમાં ડ્રગ્સ બનાવતી કંપની ઝડપાઈ હતી. રૂપિયા પાંચ હજાર કરોડનું કોકેઈન ઝડપાતા ચકચાર મચી ગઈ છે.

## ઈઝરાયેલ પર હિઝબુલ્લાહનો અત્યાર સુધીનો સૌથી ઘાતક હુમલો : ૪ સૈનિકોનાં મોત

નવી દિલ્હી, તા.૧૪: લેબનોનના ઉગ્રવાદી સંગઠન હિઝબુલ્લાએ ઈઝરાયેલ પર જોરદાર હુમલો કર્યો છે. ઈરાન સમર્થિત હિઝબુલ્લાએ ઈઝરાયેલ પર આત્મઘાતી ડ્રોન અને મિસાઈલ હુમલા કર્યા હતા જેમાં ઈઝરાયેલ આર્મી IDF નાં ૪ સૈનિકો માર્યા ગયા છે અને ઘણા ગંભીર રીતે ઘાયલ થયા છે.

હિઝબુલ્લાએ બિનયામિનમાં લશ્કરી મથક પર હુમલો કર્યો. ઈઝરાયેલ પર હિઝબુલ્લાહ દ્વારા કરવામાં આવેલ આ હુમલો અત્યાર સુધીનો સૌથી ઘાતક હુમલો માનવામાં આવી રહ્યો છે. ઈઝરાયેલમાં થયેલા આ હુમલામાં અત્યાર સુધીમાં ૬૭ લોકો ઘાયલ થયા છે, જેમાંથી ઘણાની હાલત અત્યંત ગંભીર હોવાનું કહેવાય છે.

## નોટરીનાં સોગંદનામાનાં આધારે લગ્ન કે છૂટાછેડા માન્ય નહી ગણાય : પરીપત્ર જાહેર

અમદાવાદ તા.૧૪

નોટરી મારફત સોગંદનામા કરારનાં આધારે થયેલા લગ્ન કે છુટાછેડા માન્ય નહી ગણાય અને તે ગેરકાયદે રહેશે તેવો પરિપત્ર ગુજરાત સરકાર દ્વારા ઈસ્યુ કરવામાં આવ્યા છે. કેન્દ્ર સરકારનાં કાયદા વિભાગનાં પરિપત્રમાં એમ કહેવામાં આવ્યું છે કે સોગંદનામામાં કરારના આધારે લગ્ન કે છુટાછેડા કરાવવા નોટરીને કોઈ અધિકાર નથી.

રાજયમાં નોટરી મારફતનાં કરાર થકી છુટાછેડા લઈ લેતા હોવાનું વ્યાપક ચલણ છે. પરિપત્રમાં એવી પણ ચીમકી આપવામાં આવી છે કે આ પ્રકારના કરાર કરનારા નોટરી સામે પણ પગલા-કાર્યવાહી કરવામાં આવશે. કાયદા મંત્રાલયનાં નાયબ સચીવ રાજીવકુમારની સહીથી ઈસ્યુ થયેલા પરિપત્રમાં એમ જણાવવામાં આવ્યું છે કે નોટરી કાયદાની કલમ ૮ તથા નોટરી કાયદા ૧૯૫૬ ના નિયમ ૧૧ ના પેટા નિયમ ૮ માં લગ્ન કે છુટાછેડા કરાવવાનું નોટરીનાં અધિકાર ક્ષેત્ર કે કાર્યવાહીમાં આવતુ ન હોવાનું સ્પષ્ટ સુચવાયું છે.

આ કાયદાકીય નિયમો અંતર્ગત નોટરી લગ્ન કે છુટાછેડાનાં સોગંદનામામાં નોટરાઈઝડ કરી શકતા નથી. નોટરી કાયદા ૧૯૫૨ કે નોટરી નિયમ ૧૯૫૬ હેઠળ નોટરી લગ્ન કે છુટાછેડાને પ્રમાણીત કરવાનાં અધિકારો ધરાવતા નથી. તેઓને લગ્ન અધિકારી તરીકેની નિયુકિત નથી. ગુજરાત સહીત દેશભરમાં પરસ્પરની સહમતીથી નોટરી પાસે સોગંદનામું કરીને લગ્ન કે છુટાછેડા કરાવી લેતા હોય છે. સંબંધીત સતામંડળ સમક્ષ કાયદાકીય રીતે જરૂરી કાર્યવાહી પણ કરવામાં આવતી નથી અનેક કિસ્સાઓમાં વિવાદ વખતે સોગંદનામા અમાન્ય રહે છે અને તેને કારણે ભરણપોષણ સંતાનોની કસ્ટડી જેવા મુદાઓ પર અદાલતી કેસ થયા છે. અદાલતમાં પણ એફીડેવીટ આધારીત છુટાછેડાને માન્ય ગણવામાં આવતા નથી.

અમુક નિષ્ણાંતોએ એમ કહ્યું કે સરકારી પરિપત્રથી અદાલતોમાં કેસોનો ઢગલો થશે.પરિપત્રથી અદાલતોમાં કેસોનો ઢગલો થશે. પરસ્પર સહમતીથી લગ્ન કે છુટાછેડા માટે નોટરીનાં સોગંદનામાને માન્યતા આપવી જોઈએ અદાલતી કાર્યવાહી ખર્ચાળ રહેવા ઉપરાંત ઘણો સમય માંગી લે છે

## ઝારખંડમાં બે દલિત સગીરબાળા પર સામૂહિક બળાત્કાર

પલામુ, તા.૧૪: ઝારખંડના પલામુ જિલ્લામાં દુર્ગા પૂજા મેળામાંથી ઘરે પરત ફરી રહેલી બે સગીરા છોકરીઓ પર સામૂહિક બળાત્કારનો મામલો સામે આવ્યો છે. પોલીસ અધિકારીએ જાણ કરી આપી હતી કે આ ઘટના શુક્રવારે નૌદીહા બજાર પોલીસ સ્ટેશનની હદમાં બની હતી, પરંતુ રવિવારે સાંજે ઘટના બહાર આવી હતી. આ મામલાની માહિતી આપતાં સબ-ડિવિઝનલ પોલીસ ઓફિસર અવધ યાદવે જણાવ્યું કે, શુક્રવારે સરાઈડીહમાં નૌદિહા પૂજા મેળામાંથી દલિત પરિવારની બે છોકરીઓ ઘરે પરત ફરી રહી હતી. આ દરમિયાન આરોપીએ તેને પકડીને દુષ્કર્મ આચર્યું હતું. કોઈક રીતે આરોપીઓની ચુંગાલમાંથી છટકીને ઘરે પહોંચેલી યુવતીઓએ પરિવારજનોને ઘટનાની જાણ કરી હતી. સબ ડિવિઝનલ પોલીસ ઓફિસર અવધ યાદવે જણાવ્યું હતું કે આગામી બે દિવસ સુધી પંચાયત સ્તરે મામલાને ઉકેલવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા હતા. આ અંગે રવિવારે રાત્રે ફરીયાદ નોંધાઈ હતી.


ઉધઈ થી બચો
આપના મકાનમાં ઉધઈ માટે પ્રેસ્ટ કન્ટ્રોલ પધ્ધતિથી ઈન્જેકશનો દ્વારા કામ કરી આપીશું : ૧૦ વર્ષની ગેરંટી
સંજયભાઈ
મો.૯૯૭૮૭ ૧૦૧૫૦




ધોરણ-૧૦-૧૨ પાસ/નાપાસ તેમજ અન્ય યુવાનો માટે સુવર્ણ તક
NIT® ટેકનીકલ કોલેજ
સર્ટીફીકેટ કોર્ષ
● ૧૦૦% પ્રેકટીકલ
● સરળ ભાષામાં શિખવાડી
● હોસ્ટેલ સુવિધા
● બસસ્ટેન્ડથી તદ્દન નજીક
● રેલ્વે સ્ટેશનથી નજીક
● ફ્રી ડેમો ટ્રાયલ
⇨ કોમ્પ્યુટર હાર્ડવેર, નેટવર્કીંગ, મધરબોર્ડ, લેપટોપ રીપેરીંગ શીખો
⇨ ચિપેક વાળા એન્ડ્રોઈડ, I-Phone ટેબ્લેટ રીપેરીંગ શીખો.
⇨ LED, LCD TV રીપેરીંગ, CCTV કેમેરા ફીટીંગ તથા રીપેરીંગ શીખો
⇨ ફ્રીઝ, એ.સી., વોશીંગ મશીન વગેરે તમામ વસ્તુનાં રીપેરીંગ કોર્ષ ૧૦૦% ગેરંટી સાથે શીખો
Mo.: 95861 11213 / 90811 52535
સંકલ્પ કોમ્પ્લેક્ષ, ત્રીજા માળે, બસસ્ટેન્ડ પાસે, જૂનાગઢ
Web : www.nitjnd.com


ધમાકા એક્ષચેન્જ ઓફર
તમારૂ જુનું ફર્નિચર આપી જાવ
નવું ફર્નિચર લઈ જાવ
આ ઓફર ટુંક સમયમાં માટે જ છે

CC PARDAWALA
બેડરૂમ સેટ
મોડ્યુલર કિચન
સોફા સેટ
ઓફીસ ફર્નિચર
આકર્ષિત પડદા
વોલપેપર
✦ શું તમે તમારા બજેટમાં દિકરા-દીકરી ના લગ્ન માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
✦ શું તમે તમારા બજેટમાં ઘર માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
✦ શું તમે તમારા બજેટમાં ઓફીસ કે દુકાન માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
✦ શું તમે તમારા બજેટમાં પડદા, વોલપેપર કે કારપેટ ખરીદવા માંગો છો...?
જો હા... તો હવે
જૂનાગઢ શહેરમાં અમો લાવ્યા છીએ તમારા બજેટમાં તમામ પ્રકારનું ફર્નિચર જે તમારી ઈચ્છા મુજબનું બનાવી આપશું અને તૈયાર પડદા, ગાદલા, વોલપેપર કારપેટ તેમજ પડદા નું કાપડ ખુબજ સસ્તા ભાવમાં મળશે. માટે આજે જ અમારા શો રૂમની અવશ્ય મુલાકાત લેશો.
સી.સી. પડદાવાલા
તળાવ દરવાજા ફાટક પાસે, સહયોગ ચેમ્બર સામે, જૂનાગઢ - ૩૬૨૦૦૧. મોબાઈલ : ૯૯૭૮૬ ૫૪૧૫૫






# બી.એ.પી.એસના વડા પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની ઉપસ્થિતિમાં જૂનાગઢમાં ૧૩ દિવસ વિવિધ





(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૪

બી.એ.પી.એસ સંસ્થાના વર્તમાન ગુરૂહરિ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ કુલ ૧૩ દિવસના રોકાણ બાદ તા.૧૩-૧૦-૨૦૨૪ના રોજ જૂનાગઢની ભાવિક જનતાને, મહાનુભાવોને તથા આશ્રિત સંતો-સત્સંગીઓને મળીને જૂનાગઢથી ગોંડલ જવા વિદાય થયા હતા. પોતાની ૯૨ વર્ષની વૃદ્ધ ઉંમરે પોતાનાં શરીરની તકલીફોની અવગણના કરીને તેઓ ખાસ સ્વેચ્છાએ જૂનાગઢ પધાર્યા હતા અને નાનાં મોટાં સૌને મળીને દર્શન આશીર્વાદ આપ્યા હતા. રોકાણ દરમ્યાન તેમણે અક્ષરવાડી કેમ્પસમાં બી.એ.પી.એસ વિદ્યામંદિરની મુલાકાત પણ લીધી હતી અને વિદ્યાર્થીઓ શિક્ષકોને આશીર્વાદ આપીને સ્કૂલ કેમ્પસ તથા હોસ્ટેલ કેમ્પસમાં પણ પગલાં પડ્યાં હતાં. મહંત સ્વામી મહારાજ આજે વિદાય પૂર્વે ખુરશી ઉપર વિરાજમાન થઈને મંદિરમાં દર્શનાર્થે પધાર્યા હતા. ઘનશ્યામ મહારાજના ખંડમાં દર્શન કરીને મુખ્ય ખંડમાં દર્શન કર્યા હતા. મુખ્ય ખંડમાં સુશોભિત અર્ધ ગોળાકાર પ્લેટફોર્મ પર આશરે ૬૦ જેટલાં મિષ્ટાન્નનો અન્નકૂટ શ્રીઅક્ષર પુરૂષોત્તમ મહારાજ સમક્ષ ગોઠવવામાં આવ્યો હતો જ્યાં અન્નકૂટ સાથે સ્વામીશ્રીની સ્મૃતિછબી પણ લેવામાં આવી હતી. દર્શન બાદ સ્વામીશ્રી સીધા સભા મંડપમાં પધાર્યા હતા અને અને સહુ હરિભક્તોને દર્શન દાન આપ્યાં હતાં.પૂજ્ય કોઠારી ધર્મવિનયદાસ સ્વામીએ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનો સહુ સંતો ભક્તો વતી જૂનાગઢ પધારવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો. સ્વામીશ્રીએ પોતા અભયહસ્ત આશીર્વાદ મુદ્રામાં ઊંચા કરીને સભામાં ચારે તરફ હરિભક્તોને આશિષ આપ્યા હતા તથા સહુ હરિભક્તોને એક સાથે ભેટતા હોય તેમ હાથ પહોળા કરીને ભેટવાની સંજ્ઞા કરીને પ્રેમ ભાવ વ્યક્ત કર્યો હતો. બી.એ.પી.એસ જૂનાગઢ મંદિરના સ્થાનિક સંતોએ સ્વામીશ્રીને હાર પહેરાવીને આશીર્વાદ મેળવીને ભાવભીનાં હૈયે વિદાય આપી હતી. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ બપોરે ૧૧: ૦૦ વાગ્યે મંદિર કેમ્પસમાંથી વિદાયમાન થયા હતા. જૂનાગઢ શહેરના એસપી હર્ષદભાઈ મહેતાએ એગ્રીકલ્ચર કેમ્પસના હેલીપેડ ઉપરથી પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજને હાર પહેરાવી, આશીર્વાદ મેળવી, વિદાયમાન આપ્યા હતા. મહંત સ્વામી મહારાજના સ્ટાફના ડોક્ટર સંતોએ જણાવ્યું હતું કે 'મહંત સ્વામી મહારાજનું સ્વાસ્થ્ય જૂનાગઢમાં ખૂબ જ સારૂ રહ્યું. જૂનાગઢના હવા પાણીથી તેઓ સંપૂર્ણ સ્વસ્થ રહ્યા.' તેઓએ મીડિયા વિભાગના તંત્રીઓ અને પત્રકાર ભાઈઓ ઉપર પણ પ્રસન્નતા દાખવી હતી. ભારતે ગુમાવેલું રત્ન શ્રી રતન ટાટાને પણ તેઓએ અહીંથી જ શ્રદ્ધાંજલિ આપી હતી. તેર તેર દિવસ સુધી મહંત સ્વામી મહારાજનાં દર્શન કથા વાર્તા અને સેવાનો લાભ મેળવીને હરિભક્તોએ ધન્યતા અનુભવી હતી.

સોરઠીય શ્રી ગૌડ માળવીય બ્રહ્મ સેવા સમિતી દ્વારા

# નવદુર્ગાનાં નવ સ્વરૂપના દર્શન સાથે ૧૧૦૦ દિવડાની આરતીનો કાર્યક્રમ યોજાયો




જૂનાગઢ તા.૧૪

સોરઠીય શ્રી ગૌડ માળવીય બ્રહમ સેવા સમિતી આયોજીત નવરાત્રી મહોત્સવમાં નવદુર્ગાના નવ સ્વરૂપ દર્શન સાથે ૧૧૦૦ દિવડાની આરતીનો ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. જેમા સમાજની દિકરીઓએ નવદુર્ગા માતાજીના નવ સ્વરૂપમાં પધરામણી કરી હતી. અને આ નવ સ્વરૂપની આરતી જૂનાગઢનાં નગર દેવતા શ્રી ભુતનાથ મહાદેવ મંદિરના મહંત શ્રી મહેશગીરી બાપુનાં હસ્તે આરતી કરવામાં આવી હતી. તેમજ ખેલૈયાઓ અને બ્રહમ સમાજ દવારા નવદુર્ગા માતાજીની ૧૧૦૦ દિવડાથી આરતીનો કાર્યક્રમ યોજાયો હતો. માતાજીની દિવ્ય પધરામણીથી સમગ્ર વાતાવરણ ધર્મમય બની ગયુ હતુ. શ્રી સોરઠીયા ગોડ માળવિય બ્રહ્મ સમાજ દ્વારા છેલ્લા આઠ વર્ષથી ભુતનાથ ગ્રાઉન્ડ ખાતે સમાજના લોકો માટે નવરાત્રીના પર્વને લઈને રાસ ગરબાનું ભવ્ય આયોજન કરવામાં આવે છે. આ વર્ષે પણ રાસ ગરબાના આયોજનને લઈને પારિવારિક વાતાવરણ મળે તેવી પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. દરમ્યાન દિવડાની આરતીનો લાભ ભાવિકોએ લીધો હતો. આ તકે એસપી. હર્ષદ મહેતા, ડીવાયએસપી હીતેષ ધાંધલીયા, સરકારી વકીલ નિરવ પુરોહીત વગેરે ઉપસ્થીત રહયા હતા. આયોજનને સફળ બનાવવા શૈલેષભાઈ દવે, મહેન્દ્રભાઈ ભટ, સનતભાઈ પંડયા, ધીરૂભાઈ પુરોહિતનાં માર્ગદર્શનમાં નવરાત્રી રાસોત્સવને સફળ બનાવવા માટે આકાશ દવે, કેતન ભટ, વિરાજ પંડયા, હિતેષ પુરોહિત, જીજ્ઞેશ ભટ, પિયુષ પુરોહિત, રાજુભાઈ પુરોહિત, સીતાબેન દવે અને જાગૃતિ બેન પુરોહિત સહિતની ટીમ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

# ભવનાથ ખાતે આવેલ શનિ મંદિરે હવન યોજાયો

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૪

ભવનાથ તળેટી ખાતે આવેલ શ્રી શનિદેવ મંદિર ખાતે મહંત તુલસીનાથબાપુ અને માતાજી એકતતાનાથજી દ્વારા લોક કલ્યાણ



અર્થે નવરાત્રી અનુષ્ઠાન કરવામાં આવેલ જેની ગઈકાલે ચંડી પાઠ હવન સાથે પુર્ણાહુતી થઈ હતી. આ પ્રસંગે કુવારીકાઓને ભોજન પ્રસાદ અને લ્હાણી આપવામાં આવી હતી.

# જય ભોલેનાથ સંસ્કૃતિ ગૃપ દ્વારા લોકડાયરો યોજાયો




જૂનાગઢ તા.૧૪

જય ભોલેનાથ સંસ્કૃતિ ગ્રુપ દ્વારા ભવ્ય ડાયરાનું આયોજન ગુજરાત રાજ્ય સંગીત નાટક એકાદમી ગાંધીનગર ના સહયોગથી તારીખ ૧૧-૧૦-૨૦૨૪ના રોજ રાત્રે ૮:૩૦ કલાકે ભવ્ય લોક ડાયરો કલાકાર શ્રી નરેશ ભાઈ રાવળ લોકગાયિકા ડિમ્પલબેન રાજપરા હાસ્ય કલાકાર અશોકભાઈ કોટક લોકસાહિત્યકાર દેવલભાઈ મહેતા સાજીદા ગ્રુપ ગૌરવભાઈ રાવળ નવાપરા વડલી ચોક જોશીપુરા જુનાગઢ તથા કોર્પોરેટર લલીતભાઈ પરસાણા તથા જૂનાગઢના જિલ્લા યુવા વિકાસ અધિકારી શહીતના અધિકારીઓએ હાજરી આપી હતી.

# ડો. રતિદાદા મહેતાની જૂનાગઢમાં ભવનાથની મુલાકાત લીધી



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૪

ચલાળા ગાયત્રી મંદિર સંસ્કારધામના સંસ્થાપક ગાયત્રી માતાજીના ઉપાસક ડો. રતિદાદા મહેતાની જૂનાગઢ ભવનાથ ખાતે અચાનક મુલાકાત લેતા અકિલાના પત્રકાર વિનુભાઈ જોષી પુ.રતિદાદાએ વિનુભાઈ અને તેમના પત્નીને આશીર્વાદ આપ્યા હતા.

# નવાબંદર મરીન પોલીસે શંકાસ્પદ તેલના ડબ્બા પુરવઠાને સોપ્યા



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૪

પુરવઠા અને ફૂડ વિધાગ ઘોર નિંદ્રામાં કે પછી અંદર બહાર સિસ્ટમમાં ચાલતું હશે ! ઉના તાલુકાના નળિયા માંડવી ગામ રહેણાક મકાનમાં ખાદ્ય તેલનો શંકાસ્પદ જથ્થો પકડી પાડતી નવાબંદર મરીન પોલીસ સ્ટાફએ અટકાયત કરી અને પુરવઠા અને ફૂડ વિભાગને સોંપી પાડેલ જયારે અન્ય પુરવઠા વિભાગની શું કામગીરી બતાવતા હશે ! લોકોના આરોગ્ય સાથે ચેડાં કરી અને કરોડોનો કારોબાર કરતા હોવાની શંકા હવે ક્યારે જાગશે પુરવઠા અને ફૂડ વિભાગ ! એ લોકોમાં ચર્ચાનો વિષય બન્યો

# આવતીકાલે જૂનાગઢ શહેરમાં જુલુસે ગૌસીયાનું આયોજન : ગાઈડલાઈનનો અમલ કરવા અનુરોધ

જૂનાગઢ તા.૧૪

જૂનાગઢ શહેરમાં આવતીકાલે પરંપરા મુજબ જુલુસે ગૌસીયાનું આયોજન કરવામાં આવેલ છે. આવતીકાલે મંગળવારે બપોરે ૨.૩૦ કલાકે આ જુલુસ તેના નિયત રૂટ મુજબ વાલી-એ-સોરઠ દરગાહથી શરૂ થઈ સુખનાથ ચોક, જેલ રોડ, એમ.જી. રોડ, ચીતાખાના ચોક, ઢાલરોડ, માંડવીચોક થઈ ઉધીવાડા મસ્જીદ પાસે સમાપ્ત થશે. આ જુલુસના સુચારૂ આયોજન માટે ખાનકાએ રઝવીયાના ગુલઝાર બાપુના અધ્યક્ષસ્થાને બે મિટીંગો યોજવામાં આવેલ જેમાં ધાર્મિક, રાજકીય, સામાજીક આગેવાનો ઉપસ્થિત રહેલ. જેમાં જુલુસ માટેની કેટલીક ગાઈડલાઈન નક્કી કરવામાં આવી છે તે મુજબ આ જુલુસમાં કોઈપણ વ્યક્તિ કે સંસ્થા પેટ્રોલ, ડીઝલથી ચાલતા વાહનો સાથે જુલુસમાં સામેલ થઈ શકશે નહીં. ઘોડાગાડી કે બગી સાથે સામેલ થઈ શકશે નહીં, આ અંગે પોલીસ તંત્ર તરફથી કડક સુચના હોય, કોઈએ પણ ઉપરોકત ગાઈડલાઈનનો ભંગ કરવો નહીં. અને જે કોઈ વ્યક્તિ ગાઈડલાઈનનો ભંગ કરશે તો પોલીસ દ્વારા વાહન કે બગીઓ જપ્ત કરવામાં આવશે તે માટે જુલુસ વ્યવસ્થાપક કમિટી જવાબદાર રહેશે નહીં. ઉપરોકત ગાઈડલાઈનની અમલવારી જુલુસમાં જોડાનાર વ્યક્તિ, સંસ્થા કે તેના પ્રતિનિધીએ કરવાની રહેશે.

જુલુસમાં કોઈપણ વાહન કે બગીને પ્રવેશ આપવામાં આવશે નહીં અને તેમ છતાં પણ જો ભંગ કરવામાં આવશે તો પોલીસ દ્વારા વાહન જપ્ત કરવામાં આવશે તેમ સોહિલ સીદીકીની અખબારી યાદીમાં જણાવાયું છે.

# કેશોદના અજાબ ગામે વરસાદ પડતાં મગફળીના પાકને ભારે નુકસાની



(પ્રતિનિધિ દ્વારા)

કેશોદ તા.૧૪

કેશોદ શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં સરેરાશ અઢીથી ત્રણ ઈંચ જેટલો વરસાદ પડતાં ખેતરોમાં મગફળીના પાકને નુકસાન થયું હોવાનું જાણવા મળ્યું છે. ઘેલીચિત્રા નક્ષત્ર ભેસના વાહન સાથે દશમી ઓક્ટોબર થી બેસતાં વાતાવરણમાં પલટો આવ્યો હતો અને બપોર પછી શરૂ થયેલાં વરસાદથી નવરાત્રી મહોત્સવમાં ખેલૈયાઓના રંગમાં ભંગ પડયો હતો ત્યારે ખેડૂતોની મગફળી જે જમીનમાંથી બહાર કાઢવામાં આવી છે એવા ખેડૂતોને મગફળીના પાથરા પલળી જતાં ફુગાઈ ગયેલ છે ઉપરાંત મગફળીના દાણામાંથી કોટા ફુટી જતાં ગુણવત્તા ઘટી ગઈ છે જે માત્ર સીંગતેલમાં પીલાણમાં વેચાઈ એવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે. રાજય સરકાર અને હવામાન વિભાગ દ્વારા સમયાતંરે વરસાદ વાવાઝોડાની માહિતી સ્થાનિક તંત્રને પહોંચાડી સલામતીની કાર્યવાહી હાથ ધરવા અને સામાન્ય નાગરિકોને સચેત કરવા આપવામાં આવે છે ત્યારે કમનસીબે સ્થાનિક તંત્ર દ્વારા સામાન્ય અભણ અને ટેકનોલોજી વંચિત નાનાં ખેડૂતો ખેતમજૂરો સુધી માહિતી પહોંચાડી સચેત કરવામાં ન આવતાં નુકસાની નો ભોગ બન્યા છે. કેશોદના અજાબ ગામ તથા આસપાસના વિસ્તારમાં વરસાદને કારણે મગફળીના પાકને નુકસાન થવાની સાથે જીવજંતુઓનો ઉપદ્રવ વધી જતાં આકસ્મિક ઘટના બનવાની સંભાવના વધી ગઈ છે. ખેતરોમાં મગફળી કાઢી લીધાં બાદ વરસાદ આવતાં ખેતરોમાં પાણી ભરાઈ જવાથી જમીનમાં રહેલી મગફળી કાઢવા ટ્રેક્ટર કે અન્ય વાહનો નો ઉપયોગ થઈ શકે એમ નથી ત્યારે બળદો મારફતે ખેતીકામ જુજ ખેડૂતો કરી રહ્યાં છે. એવામાં જમીનમાં રહેલી ઘણીખરી મગફળી સડી જવાની સંભાવના વધી રહી છે. ઘેલીચિત્રા નક્ષત્ર ભેસના વાહન સાથે તારીખ ૨૨-૧૦-૨૦૨૪ સુધી વાયુમંડળમાં રહેશે જે આવનારા સપ્તાહમાં કેટલી નુકસાની કરશે એ તો આવનારા દિવસોમાં ખબર પડશે.

# બીલખામાં વૃધ્ધાએ સૈલફોસના ટીકડા ખાઈ લેતા સારવાર દરમ્યાન મોત

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૪

બીલખાના ગૌરીશંકરવાળી શેરી વિસ્તારમાં રહેતા માનસીક બીમાર વૃધ્ધાએ સેલફોસના ટીકડા ખાઈ જતા સારવાર દરમ્યાન મોત નિપજયાનું બીલખા પોલીસ મથકે નોંધાયું છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર બીલખા પોલીસ મથકે ગોવીંદભાઈ નાનજીભાઈ ગોહેલે જાહેર કરેલ પોતાના મૃતક પત્ની ચંદ્રીકાબેન (ઉ.વ.૬૦) માનસીક રીતે બીમાર રહેતા હોય અને છેલ્લા એકાદ મહિનાથી વધારે તકલીય થતા પોતાની રીતે ત્રણેક દિવસ અગાઉ સેલફોસના ટીકડા ખાઈ જતા સારવાર દરમ્યાન મોત નિપજયાનું જાહેર કરતા પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી છે.

# જૂનાગઢ શહેર-જીલ્લાના હજયાત્રીકો જોગ

જૂનાગઢ તા.૧૪

જૂનાગઢના પૂર્વ કોર્પોરેટર કુદુસભાઈ મુન્શીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, જૂનાગઢ જીલ્લાના દરેક હાજીને ફિઝિકલ ફીટનેસ કરાવવું જરૂરી છે. તારીખ ૧૬-૧૦-૨૦૨૪ને બુધવારના રોજ સવારના ૧૦.૦૦ કલાકે સિવિલ હોસ્પિટલ, જૂનાગઢ ઓપીડી વિભાગમાં સમયસર હાજર રહેવું. આ અંગેનું ફોર્મ અલ્તાફભાઈ, રજવી બજાર, ચિત્તાખાના ચોક, જૂનાગઢ ખાતેથી અગાઉ લેવાનું રહેશે.

# બાંટવાના લીંબુડા ગામની સીમમાં કુવામાં પડી જતા યુવકનું

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૪

બાંટવાના લીંબુડા ગામની સીમમાં પગ લપસતા અકસ્માતે કુવામાં પડી જતા ડુબી જવાથી યુવાનનું મોત નિપજયાનું બાંટવા પોલીસ મથકે નોંધાયું છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર બાંટવા પોલીસ મથકે જગદીશભાઈ જીવાભાઈ રાઠોડે જાહેર કરેલ કે પોતાના મૃતક ભાઈ નિતીનભાઈ(ઉ.વ.૨૩) વાડીએ વાડીએ પાણી વાળતા હોય દરમ્યાન અકસ્માતે પગ લપસતા કુવામાં પડી જતા ડુબી જવાથી મોત નિપજયાનું જાહેર કરતા પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી છે.

# જૂનાગઢમાં બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવી રૂા.૮૪૫૦૦ના માલમતાની ચોરી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૪

જૂનાગઢ શહેરનાં ગીરીરાજ મેઈન રોડ નજીક આવેલ બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવી સોનાના દાગીના અને રોકડ મળી કુલ ૮૪૫૦૦ના મુદ્દામાલની ચોરી કરી ગયાની ફરીયાદ બી ડીવીઝન પોલીસ મથકે નોંધાઈ છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર બી ડીવીઝન પોલીસ મથકે શારદાબેન બાલકૃષ્ણદાસ પરમારે અજાણ્યા શખ્સ વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, ફરીયાદીના ભાડાના બંધ મકાનમાં તા.૨૫-૩-૨૪થી તા.૬-૧૦-૨૪ દરમ્યાન કોઈ અજાણ્યા શખ્સ તાળુ તોડુ કબાટમાં રાખેલ સોનાના દાગીના કિ.રૂા.૬૦,૦૦૦ અને રોકડ ૨૪૫૦૦ મળી કુલ રૂા.૮૪૫૦૦ના માલમતાની ચોરી કરી ગયાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# બીલખામાં ખરીદી કરવા આવેલા મહિલા-પુરૂષએ કરી રૂા.૧૫ હજારની ચોરી : ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૪

બીલખા રેલ્વે સ્ટેશન નજીક દુકાનમાં ખરીદી કરવાના બહાને ઘુસેલા મહિલા-પુરૂષે ટેબલના ખાનામાં રાખેલ રૂા.૧૫ હજાર ભરેલ પાકીટ સેરવી લીધાની ફરીયાદ બીલખા પોલીસ મથકે નોંધાઈ છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર બીલખા પોલીસ મથકે હારૂનભાઈ વલીભાઈ કચરાએ અજાણ્યા પુરૂષ અને મહિલા વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, ફરીયાદી ઘરે જમવા ગયેલ હોય દરમ્યાન ફરીયાદીના પિતા દુકાને હાજર હોય તે દરમ્યાનમાં અજાણ્યા પુરૂષ અને મહિલાએ દુકાનમાં મોટર સાયકલની હેન્ડલની ગ્રીપ લેવાના બહાને ઘુસી કોઈપણ રીતે ટેબલના ખાનામાં રાખેલ રૂા.૧૫૦૦૦ રોકડ ભરેલ પાકીટ ચોરી કરી ગયાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# સોમનાથ મંદિર નજીક ડ્રોન ઉડાવનાર શખ્સની અટકાયત

(પ્રતિનિધી દ્વારા)

પ્ર.પાટણ તા.૧૪

સુપ્રસિધ્ધ સોમનાથ મહાદેવ મંદિર પરીસરની એક કિલોમીટરની અંદર ગ્રે કલરનું ડીજેઆઈ કંપનીનું મેઈડ ઈન ચાઈના ડ્રોનનો ઉપયોગ કરી વીડીયો શુટીંગ કરી જીલ્લા મેજીસ્ટ્રેટના જાહેરનામાનો ભંગ કરવા સબબ અમદાવાદના મીતેષ કૌશિક પટેલ(ઉ.વ.૪૧)ની પોલીસે અટકાયત કરી ભારતીય ન્યાય સંહિતાની કલમ ૨૨૩ મુજબ પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

વિશ્વ ઈ-વેસ્ટ વ્યવસ્થાપન દિન - ૧૪મી ઓક્ટોબર

# આ વર્ષે વિશ્વ ઈ-વેસ્ટ વ્યવસ્થાપન દિન 'Retrieve, Recycle and Revive'ની થીમ ઉપર ઉજવાશે

**છેલ્લા ૦૩ વર્ષમાં રાજ્યમાં એક લાખથી વધુ મેટ્રિકટન ઇ-વેસ્ટ એકત્ર કરાયું : ગુજરાતમાં કુલ ૪૦ જેટલા ઓથોરાઇઝ ઈ-વેસ્ટ રિસાઈકલર્સ/ડિસમેન્ટલર્સ : જેની કુલ ક્ષમતા ૧.૯૧ લાખ મે.ટન પ્રતિ વર્ષ : ઈ-વેસ્ટમાંથી મળતા આર્યન, કોપર વગેરે કિંમતી ધાતુઓનો ફરીથી નવી ઈલેક્ટ્રોનિક્સ વસ્તુઓ, અન્ય વસ્તુઓ બનાવવામાં ઉપયોગ**

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૧૪

૨૧મી સદી ટેકનોલોજીની સદી છે. આજના સમયમાં ઈ-વેસ્ટ એક મોટી સમસ્યા બની ગઈ છે. ઈ-વેસ્ટ એટલે કે, ઈલેક્ટ્રોનિક કચરો. આજે ટેલિવિઝન, કમ્પ્યુટર, મોબાઈલ, જીપીએસ, મોડેમ જેવા ૧૦૬ પ્રકારનાં ઈલેક્ટ્રોનિક ઉપકરણોના વપરાશમાં સતત વધારો થવાના કારણે ઈ-વેસ્ટનું પ્રમાણ વધતું જાય છે. હાલમાં સમગ્ર દેશમાં તા. ૩૧ ઓક્ટોબર સુધી 'સ્વચ્છ ભારત અભિયાન'ની ઉજવણી થઈ રહી છે ત્યારે, ઈ-વેસ્ટના યોગ્ય નિકાલ માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં તેમજ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર અનેકવિધ પ્રકલ્પો હાથ ધરી રહી છે. જેના ફળરૂપે રાજ્યમાં છેલ્લા ૦૩ વર્ષમાં એક લાખથી વધુ મેટ્રિક ટનનો ઈલેક્ટ્રિક કચરો એકત્ર કરી તેનું વિવિધ સ્વરૂપે યોગ્ય નિકાલ કરવામાં આવી રહ્યો છે. વર્ષ ૨૦૧૮થી વૈશ્વિક સંસ્થા "વેસ્ટ ફ્રોમ ઈલેક્ટ્રિકલ એન્ડ ઈલેક્ટ્રોનિક એક્વિપમેન્ટ ફોરમ" (WEEE) દ્વારા દર વર્ષે તા. ૧૪મી ઓક્ટોબરે 'વર્લ્ડ ઈ-વેસ્ટ મેનેજમેન્ટ ડે' તરીકે ઉજવવામાં આવે છે. જે અંતર્ગત આ વર્ષે **'Retrieve, Recycle and Revive'** ની થીમ ઉપર આ દિવસ ઉજવવામાં આવશે. આ ઉપરાંત, ઈ-વેસ્ટ પ્રત્યે રાજ્યભરના નાગરિકોમાં વધુ જાગૃતિ કેળવાય તેવા ઉમદા આશયથી જન જાગ્રુતિ અર્થે વર્કશોપ, સેમિનાર, ઈ-વેસ્ટ કલેક્શન ઝુંબેશ જેવી પ્રવૃત્તિઓ જીપીસીબી દ્વારા સતત હાથ ધરવામાં આવી રહી છે. બોર્ડ દ્વારા આ દિવસે વિવિધ નિસ્બતધારકોને એકત્રિત કરી આ વિષય ઉપર ટેકનિકલ સેમિનારનું આયોજન થયેલ છે. જેમાં તજજ્ઞો આ વિષય પર વિશદ ચર્ચા કરી ઈ-વેસ્ટ વ્યવસ્થાપન ને સુદ્રઢ કરવા પ્રયત્નો કરશે. ઈ-વેસ્ટમાં મુખ્યત્વે લેડ, મર્ક્યુરી અને કેડમિયમ જેવી અનેક પ્રકારની ઝેરી અને હાનિકારક ધાતુઓ હોય છે, જે મોટા પ્રમાણમાં વાયુ, જળ અને જમીનમાં પ્રદૂષણ ફેલાવે છે, એટલા માટે જ, ઈ-વેસ્ટનો યોગ્ય રીતે નિકાલ અને રિસાયક્લ કરવું ખૂબ જ જરૂરી છે. વધુમાં રિસાયકલ કર્યા પછી તેમાંથી મળતા આર્યન, કોપર, પ્લાસ્ટિક અને અન્ય કિંમતી ધાતુઓને ફરીથી નવી ઈલેક્ટ્રોનિક્સ વસ્તુઓ બનાવવા, વાહનોમાં તેમજ અન્ય ઔદ્યોગિક સાધનોના ઉત્પાદનમાં ઉપયોગ કરવામાં આવે છે. ગુજરાત માટે ઈ-વેસ્ટ મેનેજમેન્ટ એ માત્ર પર્યાવરણ સુરક્ષાની સાથે નવા રોજગાર અને ઔદ્યોગિક તક ઉભી કરવા માટે એક મહત્વપૂર્ણ ક્ષેત્ર છે. જેનાથી કુદરતી સંસાધનોનું સંવર્ધન અને પર્યાવરણના સંરક્ષણમાં પણ મદદ થશે.

**ઈ-વેસ્ટ વ્યવસ્થાપનના નિયમો**

ભારતમાં ઈ-વેસ્ટના વ્યવસ્થાપન માટે ઈ-વેસ્ટ રૂલ્સ અમલમાં છે. આ કાયદા હેઠળ, માત્ર અધિકૃત ડિસમેંટલર્સ અને રજિસ્ટર્ડ ઈ-વેસ્ટ રિસાયકલર્સ ઈ-વેસ્ટ એકત્ર કરી શકે છે. ઈ-વેસ્ટ (વ્યવસ્થાપન) નિયમો ૨૦૨૨ મુજબ ઉત્પાદક, નિર્માતા, રિફર્બિશર અને રિસાયકલરે સીપીસીબીના પોર્ટલ **https://eprewastecpcb.in/** ઉપર નોંધણી કરવી ફરજીયાત છે. આ નિયમને વધુ મજબૂત બનાવવા માટે, **Extended Producer Responsibility (EPR)**નો સિધ્ધાંત લાગુ પાડવામાં આવેલ છે. જેમાં ઈલેક્ટ્રીકલ/ઈલેક્ટ્રોનિક્સ સાધનોના ઉત્પાદકોએ તેમના ઉત્પાદનો થકી ઉત્પન્ન થતા ઈ-વેસ્ટને, તે અધિકૃત રિસાયકલર્સ સુધી પહોંચે તે માટેના વ્યવસ્થાના ભાગ રૂપે જવાબદારી આપવામાં આવેલ છે.

# ક્ષત્રિય રાજપૂત સમાજ દ્વારા જૂનાગઢમાં ભવ્યાતિ ભવ્ય શસ્ત્ર પૂજન કરવામાં આવ્યું



જૂનાગઢ, તા.૧૪

દશેરાના દિવસે જૂનાગઢમાં શ્રી સમસ્ત ક્ષત્રિય રાજપૂત સમાજ દ્વારા શસ્ત્ર પૂજનનો કાર્યક્રમ યોજાયો હતો તેમાં કાઠી સમાજ, ગિરાસદાર સમાજ, હાટી સમાજ, કારડીયા સમાજ, પુરબીયા સમાજ, સોરઠીયા સમાજ, મયાં સમાજ, નાડોદા સમાજ, ભાટી સમાજ, ખાંટ સમાજ સહિત સમગ્ર ક્ષત્રિય રાજપૂત સમાજના પ્રમુખો વડીલો સમાજ શ્રેષ્ઠીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને માન સન્માન અને મર્યાદા સાથે જૂનાગઢમાં ક્ષત્રિયો તેમના પરંપરાગત પોશાકમાં જૂનાગઢમાં રેલી કાઢી અને શાસ્ત્રોક્ત વિધિ કરી અને શસ્ત્ર પૂજન કર્યું હતું. નીલકંઠ પાર્ટી પ્લોટ ઝાંઝરડા રોડ ઉપરથી ભૂતનાથ મહાદેવ મંદિરના ગ્રાઉન્ડ સુધી રેલી યોજી અને ભૂતનાથ મહાદેવ મંદિરના ગ્રાઉન્ડ ઉપર શસ્ત્ર પૂજન કર્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ડો. જીતુભાઈ ખુમાણ, યોગીભાઈ પઢિયાર, ચંદ્રેશભાઈ હેરમા, રઘુવીરસિંહ ચુડાસમા, ડો. હેમલસિંહ ઠાકોર, ઠરણભાઈ ભાવેશભાઈ જાદવ, રમેશભાઈ ખાંટ, હીરાભાઈ ચાવડા સહિતના આગેવાનો જહેમત ઉઠાવી હતી.

# ઉપલા દાતાર ખાતે શસ્ત્ર પૂજનનો કાર્યક્રમ યોજાયો







જૂનાગઢ, તા.૧૪

ઉપલા દાતાર દશેરાના પાવન પર્વે નવનાથ સિદ્ધચોરયાસીના ધૂણે વિશ્વ શાંતિ માટે યજ્ઞ અને જગ્યા ખાતે શસ્ત્ર પૂજનનો અનેરો કાર્યક્રમ મહંત ભીમબાપુની નિશ્રામાં યોજવામાં આવ્યો હતો.

જૂનાગઢ કોમી એકતાના પ્રતિક સમી ઉપલા દાતારની ધાર્મિક જગ્યા ખાતે વિજયાદશમી દશેરાના પાવન દિવસે જગ્યા ખાતે આવેલ નવનાથ સીધ ચોર્યાસીના ધૂણે મહંત ભીમબાપુની નીસરામાં વિશ્વ શાંતિ માટે યજ્ઞ હવનનું આયોજન કરાયું હતું અને જગ્યા ખાતે શસ્ત્ર પૂજનનો પણ એક અનેરો કાર્યક્રમ યોજાયો હતો જેમાં ભાવિકોએ મોટી સંખ્યામાં ભાગ લઈ અને યજ્ઞના દર્શન અને શસ્ત્ર પૂજનમાં સહભાગી થયા હતા અને જગ્યા ખાતે અવિરતપણે ચાલી રહેલ અન્ન ક્ષેત્રમાં સૌ કોઈએ મહાપ્રસાદ લીધો હતો. દાતારબાપુની જગ્યાએથી જંગલના રસ્તે અને ૩૫૩૦ હજાર ફીટની ઊંચાઈ ઉપર આવેલ નવનાથ સિદ્ધ ૮૪ના ધુણા ખાતે નયન રમય દ્રશ્ય અને ખુસનુમાં વાતાવરણ વચ્ચે ધુણાં ખાતે યજ્ઞનું અનિરુ આયોજન કરાયું હતું જેમાં આ કપરૂ ચડાણ ચડી યાત્રિકોએ યજ્ઞ દેવના દર્શન કર્યા હતા અને ધન્ય બન્યા હતા.

# જૂનાગઢમાં શ્રેયાંશ ફાઈન આર્ટસ દ્વારા રંગોળી પ્રદર્શન યોજવામાં આવ્યું



જૂનાગઢ, તા.૧૪

જૂનાગઢમાં શ્રેયાંશ ફાઈન આર્ટસ દ્વારા રંગોળી પ્રદર્શનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જૂનાગઢના જાણીતા વર્લ્ડ રેકૉર્ડ હોલ્ડર અને અંતર રાષ્ટ્રીય ચિત્રકર રજનીકાન્ત અગ્રાવત દ્વારા નવોદિત ચિત્રકારોને રંગોળીની સંપૂર્ણ તાલીમ આપી રંગોળી તૈયાર કરવામાં આવી હતી. આ રંગોળીનું પ્રદર્શન તારીખ ૧૪ સુધી છે જેનો સમય સાંજે ૪ થી ૯:૩૦ કલાક સુધી છે. આ રંગોળીમાં મોહિત વાછાણી, નિખિલ દેવમુરારી, દીપ્તિ કાપડિયા, હિતેન્દ્ર નાગાણી, મુકુંદ લાઠીગરા, હેમાંગી બાલસ, મનાલી રીબડિયા, કૃતિકા ધોળકિયા, પલક પાચાણી , આમ આ કલાકારોએ નવરાત્રીની સાધના રંગોળી દ્વારા કરવામાં આવી હતી.

# માંગરોળ તાલુકાના આરેણા પ્રાથમિક શાળા ખાતે સ્વચ્છતા હિ સેવા અને સેવાસેતુ કાર્યક્રમ યોજાયો



જૂનાગઢ, તા.૧૪

માંગરોળ તાલુકાના આરેણા પ્રાથમિક શાળા ખાતે સ્વચ્છતા હિ સેવા અને સેવાસેતુ કાર્યક્રમ યોજાયો હતો. ગુજરાતના તત્કાલીન મુખ્ય મંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સ્વચ્છતા હિ સેવા થીમ ઉપર ભાર મૂક્યો છે ત્યારે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલની રાહબરી હેઠળ રાજ્ય ભરમાં સફાઈ ઝુંબેશ અભિયાન ચાલી રહ્યું છે જેના ભાગરૂપે જૂનાગઢ જિલ્લામાં પણ સફાઈ પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે. ઉપરાંત આરેણા પ્રાથમિક શાળા ખાતે સેવાસેતુ કાર્યક્રમ દરમ્યાન સ્થળ પર ૬૨૧૭ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો હતો. રાજ્ય સરકારની જનહિતલક્ષી યોજનાઓનો લાભ નાગરિકોને બહુવિધ સેવાઓનો લાભ ઘરઆંગણે પ્રાપ્ત થાય તે માટે સેવા સેતુ કાર્યક્રમના દસમા તબક્કાનો પ્રારંભ કરવામાં આવ્યો છે, રાજ્યના નાગરિકોના સર્વોગી વિકાસ માટે સરકાર હર હમેશાં પ્રયત્ન શીલ રહી છે. માંગરોળ તાલુકામાં યોજાયેલ સેવાસેતુ કાર્યક્રમમાં કલસટરમાં સમાવિષ્ટ ગામના નાગરિકોને રાજ્ય સરકારના વિવિધ વિવિધ વિભાગો ધ્વારા આધાર કાર્ડ, આવકનો દાખલો, જાતિનો દાખલો, સહિતની ૫૫ જેટલી સેવાઓનો લાભ આપવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, સહિત વિવિધ વિભાગના અધિકારીઓ-કર્મચારીઓ, પદાધિકારીઓ, ગામના આગેવાનો, સરપંચો તેમજ મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# સપ્તરંગ ફિલ્મ સોસાયટી દ્વારા 'સપ્તરંગ શોર્ટફેસ્ટ'ની ટ્રોફીનું અનાવરણ કરાયું

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૧૪

સપ્તરંગ ફિલ્મ સોસાયટી દ્વારા આયોજિત પત્રકાર વાર્તામાં આજ રોજ સપ્તરંગ ફિલ્મ સોસાયટીના અધ્યક્ષ વંદનભાઈ શાહ દ્વારા "સપ્તરંગ શોર્ટફેસ્ટ" ની ટ્રોફીનું અનાવરણ કરવામાં આવ્યું હતું.




આ અવસરે "સપ્તરંગ શોર્ટ ફેસ્ટ" વિશે માહિતી આપતા વિશ્વ સંવાદ કેન્દ્ર, ગુજરાતના ટ્રસ્ટી અને સપ્તરંગ ફિલ્મ સોસયટીના માર્ગદર્શક વિજયભાઈ ઠાકરએ જણાવ્યું કે વિશ્વ સંવાદ કેન્દ્ર દ્વારા "સપ્તરંગ ફિલ્મ સોસાયટી"ની શરૂઆત ગુજરાતી સિનેમાનાં ઉત્કર્ષ અને તેની સાથે સંકળાયેલા કલાકારો અને કસબીઓને યોગ્ય સન્માન અને યોગ્ય મંચ મળી રહે એ માટે કરી છે. આ ફિલ્મ સોસાયટી ભારતીય ચિત્ર સાધના, દિલ્હી સાથે સંલગ્ન છે.

ગુજરાતમાં બનનારી શોર્ટ ફિલ્મો માટે "સપ્તરંગ શોર્ટ ફેસ્ટ" નું આયોજન ૧૯ અને ૨૦ ઓકટોબર ૨૦૨૪ના રોજ ડો.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ખાતે તેમના સહયોગ થી કરવામાં આવ્યું છે. "સપ્તરંગ શોર્ટફેસ્ટ" માં માત્ર આપણા દેશમાંથી નહિ પરંતુ વિદેશમાંથી પણ ફિલ્મની એન્ટ્રી આવી છે. કુલ ૨૭૭ ફિલ્મ આવી છે જેમાંથી ૧૮૧ શોર્ટ ફિલ્મ, ૬૩ ડોકયુમેન્ટરી ફિલ્મ, ૨૨ કેમ્પસ ફિલ્મ અને ૧૧ એનિમેશન ફિલ્મ આપણને મળેલ છે. કાર્યક્રમની વિગત વિજયભાઈએ કહ્યું કે "સપ્તરંગ શોર્ટફેસ્ટ" માં ૩ માસ્ટર ક્લાસ રાખવામાં આવ્યા છે . આ માસ્ટર ક્લાસમાં પ્રથમ માસ્ટર ક્લાસ જાણીતા ફિલ્મ પ્રોડયુસર ડાયરેકટર શ્રી વિપુલભાઈ શાહ અને દ્વિતીય માસ્ટર ક્લાસ ગુજરાતનાં જાણીતા દિગ્દર્શક શ્રી વિજયગીરી બાવા જેમણે કસુંબો ફિલ્મનું ડાયરેક્શન કર્યું હતું અને અંતિમ માસ્ટર ક્લાસ કે જે ૨૦ તારીખે છે જાણીતા લેખક અને દિગ્દર્શક ડો.ચંદ્રપ્રકાશ દ્વિવેદી લેવાના છે. ફિલ્મ સ્ક્રિનિંગ માટે ગુજરાત નાં ત્રણ મહાન કલાકારો જયશંકર સુંદરી, ઉપેન્દ્ર ત્રિવેદી અને અવિનાશ વ્યાસનાં નામ સાથે જોડી ને ત્રણ થિએટર્સ બનાવામાં આવ્યા છે, એવોર્ડ સમારંભ માં ગુજરાત રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ ભવિષ્યના ફિલ્મ મેકર્સને પ્રોત્સાહિત કરવા માટે વિશેષ ઉપસ્થિત રહેવાના છે.

# પોરબંદરમાં લોહાણા લગ્નોત્સકો માટે 'જીવનસાથી પરિચય સમારોહ ૨૦૨૪'નું ભવ્ય આયોજન

(પ્રતિનિધિ દ્વારા)

પોરબંદર, તા.૧૪

લોહાણા સગપણ સેવા એક મિશન એક ધ્યેય અભિયાન અંતર્ગત લાંબા સમય બાદ ફરી એકવાર પોરબંદરમાં "જીવનસાથી પરિચય સમારોહ ૨૦૨૪" નું પોરબંદર લોહાણા મહાજનના શુભેચ્છા સહકાર સાથે લોહાણા સગપણ માહિતી કેન્દ્ર પોરબંદર દ્વારા ભવ્ય આયોજન કરવામાં આવનાર છે તેમાં રઘુવંશી પરિવારના દરેક લગ્નોત્સુક કુવારા, સગપણ કેન્સલ, ડિવોર્સી, વિધવા, વિધુર, વિકલાંગ, ઉચ્ચ અભ્યાસ તેમજ ઓછો અભ્યાસ વાળા ઉમેદવારો જોડાઈ શકશે. ઉમેદવાર સાથે એક વ્યક્તિ વાલી તરીકે આવી શકશે, આયોજન તારીખ ૨૪-૧૧-૨૦૨૪ રવિવારે સવારે ૧૦ થી ૬ સુધી સ્થળ શેઠ ભાણજી લવજી લોહાણા મહાજન વાડી ભદ્રકાળી રોડ પોરબંદર બાયોડેટા એડવાન્સ રજીસ્ટ્રેશન કરવાની છેલ્લી તારીખ ૩૧-૧૦-૨૦૨૪ સુધીમાં કરાયેલ હશે તેમની માહિતી બાયોડેટા ડિરેક્ટરીમાં ફોટા સહિત છપાસે ઉમેદવારોના રજીસ્ટ્રેશન સમયે આયોજન ખર્ચ માટે ૫૦૦ રૂપિયા ઓનલાઈન જમાં કરવાના રહેશે જેમાં જો દીકરી ઉમેદવાર કાર્યક્રમ સ્થળે સમયે હાજર રહેશે તો તેમને ભરેલી રકમની ડબલ રકમ પરત કરાશે તેમજ પરિચય સમારોહમાં નોંધાયેલા ઉમેદવારોમાંથી જો ૩૦ દિવસની અંદર સગપણ નક્કી થશે તો સંસ્થા દ્વારા તેઓના લગ્ન વિનામૂલ્યે કરી આપવામાં આવશે તેમ સંસ્થાના વ્યવસ્થાપક સુરેશભાઈ બારાઈ ૭૩૮૩૬૬૮૦૦૨ હરીશભાઈ પોપટ ૯૨૨૮૩૮૨૯૪૪ હિતેશભાઈ ઉનડકટ ૭૩૮૩૬૬૮૦૦૬ દ્વારા જાહેર કરાયેલ છે. પરિચય સમારોહના રજીસ્ટ્રેશન ફોર્મ તથા માહિતી પત્રિકા સૌરાષ્ટ્ર ગુજરાતના દરેક ગામમાં લોહાણા મહાજન કાર્યાલયથી પણ મળી શકશે અથવા સંસ્થાના કાર્યાલય સંપર્ક કરવાથી મળી શકશે.

### પ્રિયંકા ગાંધી ટ્રેન દુર્ઘટનાને લઈને કેન્દ્રની ટીકા કરી

# કાવરાપેટ્ટઈ સ્ટેશન નજીક ટ્રેન દુર્ઘટનાને લઈને રાજકારણમાં મચેલો હોબાળો

ચેન્નાઈ, તા.૧૪

મૈસૂરથી દરભંગા જઈ રહેલી બાગમતી એક્સપ્રેસ (૧૨૫૭૮) તમિલનાડુના કાવરાપેટ્ટઈ સ્ટેશન નજીક માલગાડી સાથે ટકરાઈ ગઈ હતી. આ દુર્ઘટનામાં ઘણાં લોકો ઈજાગ્રસ્ત થયા છે. ટ્રેન દુર્ઘટના પર રાજકીય હોબાળો શરૂ થઈ ગયો છે. આ દરમિયાન લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ કેન્દ્ર પર નિશાન સાધતા કહ્યું હતું કે, 'દેશમાં અનેક ટ્રેન દુર્ઘટનાઓમાં સેંકડો જીવ ગુમાવ્યા બાદ પણ સરકારે કોઈ બોધપાઠ લીધો નથી. આ જવાબદારી ટોચ પરથી શરૂ થાય છે.'તમિલનાડુમાં ૭૫ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપથી આવી રહેલી એક્સપ્રેસ ટ્રેન મુખ્ય લાઈનમાં જવાના બદલે લૂપ લાઈનથી ટકરાઈ ગઈ હતી. આ દુર્ઘટનામાં ઘણા મુસાફર ઈજાગ્રસ્ત થઈ ગયા અને એક કોચમાં આગ લાગી ગઈ. રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પર કહ્યું, 'મૈસૂર-દરભંગા ટ્રેન દુર્ઘટના ભયાવહ ઓડિશાના બાલાસોરની દુર્ઘટનાને દર્શાવે છે, જ્યાં એક પેસેન્જર ટ્રેન એક ઊભેલી માલગાડી સાથે ટકરાઈ ગઈ. ઘણી દુર્ઘટનામાં ઘણા લોકોએ જીવ ગુમાવ્યા બાદ કોઈ પાઠ શીખવાડી શકાયો નથી. તેની જવાબદારી ટોચના લોકોએ લેવી જોઈએ. આ સરકારના જાગ્યા પહેલા હજુ કેટલા પરિવાર બરબાર થશે. કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રાએ પણ ટ્રેન દુર્ઘટનાને લઈને કેન્દ્રની ટીકા કરી. તેમણે વ્હોટ્સએપ ચેનલ પર કહ્યું, 'દેશમાં ટ્રેન દુર્ઘટનાઓ એટલી સામાન્ય થઈ ગઈ છે કે એક બાદ એક દુર્ઘટના થવા છતાં સરકાર દ્વારા કોઈ જવાબદારી નક્કી કરવામાં આવી રહી નથી અને કોઈ કાર્યવાહી પણ કરવામાં આવી રહી નથી.'દેશના કરોડો સામાન્ય લોકો પોતાનો જીવ જોખમમાં મૂકીને ભય અને અરાજકતાના પૈડા પર ચાલતી ટ્રેનોમાં મુસાફરી કરવા મજબૂર છે કેમ કે સુરક્ષિત ટ્રેન મુસાફરીની જવાબદારીથી સરકારે પીછેહઠ કરી લીધી છે. તમિલનાડુમાં મૈસૂર-દરભંગા એક્સપ્રેસની સાથે બાલાસોર જેવી દુર્ઘટના ફરી થઈ છે. આવી દુર્ઘટના ક્યારે રોકાશે? જવાબદારી ક્યારે નક્કી કરવામાં આવશે.ડીએમકે નેતા ટીકેએસ એલંગોવને કહ્યું, 'આજકાલ ઘણી ટ્રેન દુર્ઘટના થઈ રહી છે. ૬૦ના દાયકાની શરૂઆતમાં જ્યારે અરિયાલુરમાં એક દુર્ઘટના થઈ, તો રેલવે મંત્રીએ રાજીનામું આપી દીધું. તે સમયે તેમણે ટ્રેન દુર્ઘટનાને આ રીતે જોઈ હતી પરંતુ આજે ટ્રેન દુર્ઘટનાઓ ખૂબ સામાન્ય થઈ ગઈ છે અને કોઈ પણ રેલવે લાઈનોની સારસંભાળ માટે યોગ્ય પગલા ઉઠાવવાની પરવા કરતા નથી. એક ઘટનામાં રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે જે લોકો દક્ષિણ રેલવે કે ચેન્નઈમાં કામ કરી રહ્યાં છે તેમને તમિલનું કોઈ જ્ઞાન નથી અને તેથી સંચારની સ્થિતિ ખરાબ થઈ ગઈ છે. તે એક ઉત્તર ભારતીય હતા, તેથી તમિલમાં આપવામાં આવેલા આદેશોને સમજી શક્યા નહીં અને તેથી ટ્રેન દુર્ઘટના થઈ ગઈ.

# ચોરવાડ ખાતે સોરઠીયા વાણંદ સમાજ દ્વારા નવચંડી યજ્ઞ યોજાયો



જૂનાગઢ, તા.૧૪

ચોરવાડ ખાતે સોરઠીયા વાણંદ સમાજ ચુડાસમા પરિવારનો નવચંડી યજ્ઞ, નિવેદ તેમજ મહાપ્રસાદનું આયોજન કરવામાં આવેલ હતું. આસો માસ અષ્ટમીનાં હવનમાં સૌરાષ્ટ્રભરમાંથી ચુડાસમા પરિવાર ઉપસ્થિત રહિ દર્શન, મહાપ્રસાદનો લાભ લીધો હતો.

# માંગરોળ શહેરના હિન્દુ-મુસ્લિમ સમાજને અંતિમ વાહિની લોકાર્પણ કરાઈ



જૂનાગઢ, તા.૧૪

ગુજરાત સરકાર દ્વારા મુખ્યમંત્રી સવર્ણીમ યોજના અંતર્ગત માંગરોળ શહેરીજનો માટે બે સબ વાહિની ફાળવવામાં આવી છે જેમાં માંગરોળ ટાવર ખાતે આવેલ નગરપાલિકા ખાતે ધારાસભ્ય ભગવાનજીભાઈ કરગટીયા, આસીસ્ટન્ટ કલેકટર વંદના મીના, મામલતદાર રાજેશભાઈ પરમાર, ચીફ ઓફીસર રામજીભાઈ ધોળકીયા હાજર રહયા હતા. આ પ્રસંગે મુસ્લિમ સમાજ તરફથી મો. હુશેન ઝાલા, શહેર ભાજપ પ્રમુખ લીનેશ સૌમૈયા, કાન્તીભાઈ ચાવડાને અંતિમ વાહિનીની ચાવી અર્પણ કરાઈ હતી.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

# બે રાજ્યોનાં પરિણામોમાં છૂપાયેલો સંદેશ

જમ્મુ-કાશ્મીર અને હરિયાણાની વિધાનસભા ચૂંટણીઓ પર આખા દેશની નજર એટલા માટે હતી, કારણ કે લોકસભા ચૂંટણી બાદ થનારી આ પહેલી ચૂંટણીઓ હતી. જમ્મુ-કાશ્મીરમાં જનતાએ નેશનલ કોન્ફરન્સ-કોંગ્રેસ ગઠબંધનને બહુમતી આપી, તો હરિયાણાની જનતાએ ભાજપને ત્રીજી વાર સત્તા સોંપી. અહીં ભાજપે લગભગ ૪૦ ટકા વોટ મેળવીને હેટ્રિક લગાવી. જમ્મુ-કાશ્મીરમાં ભાજપનું પ્રદર્શન પહેલાં કરતાં ઘણું બહેતર રહ્યં. આ વખતે તેને લગભગ ૨.૬૫ ટકા વોટ વધારે મળ્યા. કોંગ્રેસને તો બંને રાજ્યોમાં નુક્સાન જ થયું. હરિયાણામાં ૧૦ વર્ષની સત્તાવિરોધી લહેર તથા કિસાન-પહેલવાન-જવાનના નારાને કારણે કોંગ્રેસને હતું કે આપણી તાજપોશી નક્કી જ છે, પરંતુ પરિણામોએ તેને એવો ભારે ઝાટકો આપ્યો કે કોને શું જવાબ આપવો તે સૂઝતું નથી. જમ્મુ-કાશ્મીરમાં તો તેની સ્થિતિ નેશનલ કોન્ફરન્સના ‘પિઠ્ઠુ’ જેવી રહી ગઈ. ત્યાં તેને ગઈ વખત કરતાં પણ ઓછી સીટો મળી.

હરિયાણામાં એવો વિમર્શ ઊભો કરાયો હતો કે જાણે કોંગ્રેસ જ સત્તામાં આવી રહી છે. ખેડૂતો, મહિલા પહેલવાનો અને અગ્નિવીર જવાનોને મોદીના વિરોધમાં ગણાવવામાં આવ્યા હતા, પરંતુ એ સ્પષ્ટ થઈ ગયું કે કિસાન આંદોલન સક્ષમ ખેડૂતો અને રાજકીય પક્ષો દ્વારા પોષિત હતું. મહિલા પહેલવાનોનું આંદોલન પણ રાજકારણથી જ વધારે પ્રેરિત હતું અને અગ્નિવીર પર જૂઠ્ઠો પ્રચાર કરાયો હતો. ખેડૂતો, યુવાઓ અને ખેલાડીઓના ઉત્કર્ષ માટે મોદી સરકારનાં કાર્યોને જનતાએ વખાણ્યાં છે. પરિણામોએ આ દુષ્પ્રચારની પોલ ખોલી નાખી છે કે મહિલાઓ અને દલિતો ભાજપની વિરુદ્ધ છે. ઉલટા જાટ વર્ચસ્વ વિરુદ્ધ બિનજાટોની જૂથબંધી થઈ અને અતિ દલિતોએ અનામત ઉપવર્ગીકરણ પર ભાજપનું સમર્થન કર્યું.

જમ્મુ-કાશ્મીરમાં કલમ ૩૭૦ અને ૩૫એ હટાવવા અને કેન્દ્રશાસિત પ્રદેશ બનાવ્યા બાદ આ પહેલી વિધાનસભા ચૂંટણી હતી. ૨૦૧૯ પહેલાં અહીં આતંકીઓનાં ફરમાન, અલગતાવાદીઓની બોયકોટ અપીલ અને ભયથી ભરેલા વાતાવરણમાં જ ચૂંટણીઓ થતી હતી. તેમાં ઘણું પાંખું મતદાન થતું હતું.મોદી સરકારે લોકતંત્રની બહાલી માટે ૨૦૧૯માં બ્લોક ડેવલપમેન્ટ કાઉન્સિલ, ૨૦૨૦માં ડિસ્ટ્રિક્ટ ડેવલપમેન્ટ કાઉન્સિલ અને ૨૦૨૧માં પંચો અને સરપંચોની ચૂંટણીઓ કરાવી. આ જ ક્રમમાં ૨૦૨૪માં લોકસભા ચૂંટણીઓ થઈ. પરિસીમન બાદ જમ્મુ સંભાગમાં ૪૩ તથા કાશ્મીર સંભાગમાં ૪૭ સીટો ફાળવવામાં આવી. ભાજપ ૬૦ સીટો પર ચૂંટણી લડી, ૧૯ કાશ્મીરમાં અને ૪૧ જમ્મુમાં. પાર્ટીએ ૨૩ મુસ્લિમ ઉમેદવારોને ટિકિટ આપી. કોંગ્રેસ અને નેશનલ કોન્ફરન્સ ગઠબંધન રૂપે અનુક્રમે ૩૨ અને ૫૧ સીટો પર ચૂંટણી લડ્યા. પાંચ સીટો પર તેમનો મિત્રવત મુકાબલો હતો. મેહબૂબા મુફ્તીની પીડીપી સાથે ગુલામ નબી આઝાદની ડેમોક્રેટિક પ્રોગ્રેસિવ આઝાદ પાર્ટી અને અલ્તાફ બુખારીની પાર્ટી પણ હતી. તે ઉપરાંત અવામી ઈત્તેહાદ પાર્ટી પણ ચૂંટણીમાં ઉતરી, જેનો વડો સાંસદ એન્જિનિયર રશીદ આતંકી ફંડિગ મામલે તિહાડમાં કેદ હતો, પરંતુ સુપ્રીમ કોર્ટે તેને ચૂંટણી પ્રચાર માટે જામીન પર છોડ્યો. તેણે લોકસભા ચૂંટણીમાં ઉમર અબ્દુલ્લાને હરાવ્યા હતા, પરંતુ તેના પક્ષ સહિત અન્ય પાર્ટીઓ કશું જ ન ઉકાળી શકી. પીડીપી પણ ખરાબ રીતે સમેટાઈ ગઈ. નેશનલ કોન્ફરન્સ, કોંગ્રેસ અને અન્ય પ્રાદેશિક પક્ષોનો એજન્ડા એક હતો - કલમ ૩૭૦ પાછી લાવવી અને રાજ્યનો દરજ્જો બહાલ કરવો, એ કાયદાઓ સમાપ્ત કરવા જે વિશેષ રાજ્ય દરજ્જાને પ્રભાવિત કરે છે, રાજકીય બંદીઓને છોડવા, પાકિસ્તાન સાથે મંત્રણા કરવી, જમીન માલિકીને સીમિત કરવી, જનસુરક્ષા કાયદો ખતમ કરવો વગેરે! કોંગ્રેસ મહિલાઓ અને બેરોજગારો માટે ભથ્થાં અને વીમા યોજનાઓ જેવી પોતાની કેટલીક લોકરંજક ગેરંટીઓ સાથે મેદાનમાં હતી. જ્યારે ભાજપે જમ્મુ-કાશ્મીરમાં લોકતંત્રની સ્થાપના, ક્ષેત્રીય વિકાસ, યુવાઓના ભવિષ્યનું નિર્માણ અને આતંકવાદ, અલગતાવાદ, પરિવારવાદ અને ભ્રષ્ટાચારને સમાપ્ત કરવા પર ભાર મૂક્યો.

આતંકીઓ દ્વારા હિંદુઓના દમનથી લાખો હિંદુઓએ કાશ્મીર છોડવું પડ્યું હતું. તેને કારણે આજે કાશ્મીર સંપૂર્ણપણે મુસ્લિમ બહુમત થઈ ગયું અને તેમાં ભાજપની પહોંચ નગણ્ય છે. કાશ્મીરમાં મતદાતાઓના વોટ વહેંચાયા નહીં. તે એકજૂટ થઈને નેશનલ કોન્ફરન્સ તરફ વળ્યા. જમ્મુ સંભાગમાં મુસ્લિમ આબાદી એક તૃતિયાંશ છે. ત્યાંના માત્ર ચાર જિલ્લા જમ્મુ, કઠુઆ, સાંભા અને ઉધમપુર હિંદુ બહુલ છે. પીર પંજાલના પુંછ અને ડોડા મુસ્લિમ બહુમતી છે તથા ચિનાબ ઘાટીના ત્રણ જિલ્લા મિશ્રિત આબાદીવાળા છે. મજહબ ઉપરાંત જમ્મુમાં જાતિ, જનજાતીય અને ભાષાકીય અસ્મિતા પ્રભાવી છે. તેથી જ્યાં કાશ્મીરમાં ભાજપ માટે કોઈ રાજકીય જગ્યા નથી, ત્યાં જમ્મુમાં તેને કોંગ્રેસ પીડીપી અને નેશનલ કોન્ફરન્સ વગેરે સાથે રાજકીય સ્પેસ વહેંચવાની મજબૂરી છે. જમ્મુમાં ૨૦૧૪થી ભાજપનો પ્રભાવ વધ્યો. ત્યારે તેને ૨૫ સીટો અને ૨૨.૯૮ ટકા મત મળ્યા હતા. આ વખતે તેની સીટો અને વોટ શેર બંને વધ્યા છે. આ ચૂંટણીઓમાં પીડીપીને ૧૩.૮ ટકા મતોનું નુક્સાન થયું. આશ્ચર્યજનક રૂપે આમ આદમી પાર્ટીએ ડોડામાં ભાજપને હરાવીને પોતાનું ખાતું ખોલ્યું.

જેમ હરિયાણામાં ભાજપની સરકાર બનવી નક્કી છે, એ જ રીતે જમ્મુ-કાશ્મીરમાં નેશનલ કોન્ફરન્સ-કોંગ્રેસ ગઠબંધનની. ઉમર અબ્દુલ્લા સરકાર બનાવવા જઈ રહ્યા છે. જોકે કેન્દ્રશાસિત ક્ષેત્ર બન્યા બાદ અહીં ઉપરાજ્યપાલની શક્તિઓ વિપુલ છે, તેથી શાસનનું સ્વરૂપ પહેલાં જેવું નહીં હોય. જમ્મુ-કાશ્મીરના નવા મુખ્યમંત્રીએ અનેક મહત્ત્વપૂર્ણકાર્યો માટે ઉપરાજ્યપાલની મંજૂરી લેવી પડશે.

જમ્મુ-કાશ્મીર અને હરિયાણા ચૂંટણીઓના સંદેશ અલગ છે. જમ્મુ-કાશ્મીર ચૂંટણીઓએ વિશ્વને એ સંદેશ આપ્યો કે ભારતના આ ભૂભાગમાં લોકતંત્ર સશક્ત અને જીવંત છે, ત્યાં જ હરિયાણાનો જનાદેશ ભાજપ અને વડાપ્રધાન મોદીના કથિત હ્રાસ અને ડબલ એન્જિન ફેઈલ હોવાના વિમર્શને નકારે છે. આ બંને સંદેશ બહુ જ મહત્ત્વપૂર્ણ છે. ભાજપ જાણતી હતી કે જમ્મુ-કાશ્મીરમાં માત્ર ૬૦ સીટો પર ચૂંટણી લડીને બહુમતી મેળવવી અને સરકાર બનાવી લેવી સંભવ નથી. તેણે તો એ સાબિત કરવાનું હતું કે તેણે જમ્મુ-કાશ્મીરમાં લોકતંત્રનાં મૂળિયાં ઊંડાં ઉતારવાનું કામ કર્યું છે. તે તેમાં સફળ રહી. હરિયાણાની અભૂતપૂર્વ વિજયથી ભાજપને મહારાષ્ટ્ર, ઝારખંડ, દિલ્હી અને બિહારની આગામી ચૂંટણીઓમાં જોઈતી ઊર્જા અને આત્મવિશ્વાસ અવશ્ય મળશે.

# ધબકતા હૃદય(ઓફ પંપ) ઉપર, અતિ જટિલ ગણાતી બાયપાસ સર્જરી(એન્ડરટેરેક્ટોમી Endarterectomy તથા ૩ નળી નવી બનાવવાની સર્જરી) આયુષ સુપરસ્પેશ્યાલીટી હોસ્પીટલ-જૂનાગઢ ખાતે સફળતાપૂર્વક કરવામાં આવી

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૪

જૂનાગઢ આયુષ સુપરસ્પેશ્યાલીટી હોસ્પીટલ-જૂનાગઢ ખાતે રમેશભાઈ ઉકાભાઈ ભાડલિયા (ઉ.વ.૫૬) ગંભીર હાલતમાં તપાસ માટે આવ્યા ત્યારે તેમના હૃદયને લગતા તમામ રીપોર્ટ કરવામાં આવ્યા હતા. જેમાં તેમના હૃદયની ત્રણેય નળીઓ ૯૦% બ્લોક આવી ત્યારે તેમને અત્રેના CVTS સર્જન ડો. હિમાંશુ જોશી દ્વારા સર્જરી વિષે સમજાવવામાં આવ્યું કે, તેઓને ધબકતા હૃદય(ઓફ પંપ) ઉપર, અતિ જટિલ ગણાતી બાયપાસ સર્જરી(એન્ડરટેરેક્ટોમી Endarterectomy તથા ૩ નળી નવી બનાવવાની સર્જરી) કરવાની જરૂર છે ત્યારે દર્દી તથા તેમના સગાઓએ નિર્ણય લઈ આ જટિલ સર્જરી કરવા સહમતી આપી ત્યારબાદ ડો. હિમાંશુ જોશીના માર્ગદર્શન હેઠળ તેમની ટીમ દ્વારા આવી જટિલ સર્જરી પાર પાડવામાં આવી. ઓપરેશન પછી દર્દીને CCU (કાર્ડયેક કેર યુનિટ)માં સારવાર આપ્યા બાદ રજા આપવામાં આવી. હાલ દર્દી એકદમ સ્વસ્થ અને હરતું ફરતું, અને પોતાના રોજીંદા કામ કરી શકે છે. આવી જ રીતે જૂનાગઢ ખાતે ડો. હિમાંશુ જોશી(CVTS) સર્જન દ્વારા આ ઉપરાંત ૫ સફળ જટિલ બાયપાસ સર્જરીઓ કરી તમામને સાજા કર્યા છે.





ડો. હિમાંશુ જોષી
M. S., DrNB, CVTS
AAYUSH HOSPITALS
ઝાંઝરડા ચોકડી, જૂનાગઢ ૭૫૭૪૮૮૮૮૭૨

ખરાબ હવામાનને લીધે રોપ-વે સેવા બંધ થતાં

# સંખ્યાબંધ યાત્રીકો અટવાયા હતા તમામને અંબાજી મંદિર ખાતે ગરમાગરમ ભજીયા અને નાસ્તો કરાવાયો





(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૪

જૂનાગઢ ગીરીવર ગિરનાર ઉપર અંબાજી મંદિર ખાતે ગઈકાલે માતાજીના દર્શને પધારેલા રોપવેના યાત્રિકો હવામાન ખરાબ થતા રોપવે બંધ કરાયો હતો તો ૧૫૦ થી વધુ યાત્રિકો ઉપર ફસાયા હોવાથી અંબાજી મંદિર ટ્રસ્ટ મહંત શ્રી તનસુખગીરી બાપુની સુચનાથી ફસાયેલા યાત્રિકોને રાત્રિના ગરમા ગરમ નાસ્તો ભજીયા ખવડાવી અને બધાને તૃપ્ત કર્યા હતા અને હવામાન ખુલ્લું થતાં રોપવે ચાલુ થતા બધા યાત્રિકોને હેમ ખેમ નીચે ઉતારી દેવાયા હતા.

# દશેરાએ પરંપરા અનુસાર સંગીત સાધકો દ્વારા સંગીત વધ્યોનું પૂજન થયું

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૪

ગત તા.૧૨ દશેરાનાં પર્વ નિમિતે જૂનાગઢ સ્થીત સપ્તક સંગીત વિદ્યાલયનાં સંગીત ખંડ માં શાસ્ત્રીય સંગીતનાં કલા સધોકો દ્વારા સંગીતનાં વિવિધ વાદ્યો તનપુરા, તબલા, સ્વર મંડળ, હાર્મોનિયમ નું ભાવ સભર પ્રાચિન પરંપરા અનુસાર પૂજન થયું. સંગીત વિદ્યાલયનાં સંચાલક સંગીતકાર વિપુલ ત્રિવેદી અને વિદ્યાલયનાં તલીમાર્થી અમીષા માંકડ, દર્પિત દવે, ધ્વનિત ત્રિવેદી, અવધ પટેલ, પાર્થ હિંડોચા, ચંદુભાઈ ત્રાંબડીયા, દિવ્ય રૂપારેલ, તુષાર પંડ્યા, વિપુલ વાળા, નિષ્ઠા, લબ્ધી, તુલસી, સરન્યા, નવ્યા સહિતનાં કલાકારો આ પૂજન કાર્યક્રમમા જોડાયેલા હતા.



# પ્રાચી તીર્થ ખાતે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ દ્વારા શસ્ત્ર પૂજન તેમજ વિવિધ કાર્યક્રમો યોજાયા

(પ્રતિનિધિ દ્વારા)

પ્રાચી તા.૧૪

પ્રાચી તીર્થ ખાતે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સુત્રાપાડા તાલુકા દ્વારા સંઘના સ્થાપના દિવસ નિમિત્તે દશેરાના પાવન પર્વની પાવન સંધ્યાએ પથ સંચાલન કાર્યક્રમ તેમજ ધ્વજારોહણ તથા શસ્ત્ર પૂજન તેમજ શારીરિક પ્રાત્યશિક તથા પરિચય તથા વેયકિતક ગીત તથા અમૃતવચન તથા અતિથિનું ઉદબોધન તથા વક્તાનું ઉદબોધન પ્રાર્થના બાદ વિકર જેવા કાર્યક્રમો માધવરાયજી મંદિરની બાજુમાં કારડીયા રાજપુત સમાજની વાડી ખાતે યોજાયા હતા. જેમાં મંચસ્થ અતિથિ જાદવભાઈ ચુડાસમા(ગાયત્રી પરિવારના વરિષ્ઠ પરિજન વરિષ્ઠ પત્રકાર તથા સેવાકીય પ્રવૃત્તિઓ) પ્રાચી તીર્થ તથા વક્તા રોહિતભાઈ હરિયાણી સોમનાથ જિલ્લા સહ કાર્યવાહ તથા રાજેન્દ્ર ગીરી ગૌસ્વામી સુત્રાપાડા તાલુકા કાર્યવાહ તથા હિંમતભાઈ જાદવ સોમનાથ જિલ્લા કાર્યવાહ તેમજ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના કાર્યકર્તાઓ તેમજ પ્રાચી તીર્થ તેમજ આજુબાજુના વિસ્તારના સંઘ પ્રેમી લોકોએ હાજરી આપી હતી. જેમાં અતિથિનું રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની બુક દ્વારા સન્માન કરવામાં આવેલ હતું. અતિથિ તથા વક્તાએ પ્રેરક ઉત્સાહસભર ઉદબોધન આપ્યું હતું. સાંસ્કૃતિક વિશેષતાઓથી સભર આપણા રાષ્ટ્રમાં સાંસ્કૃતિક આધાર ઉપર એકતા અને અખંડતા બનાવી રાખવાના હેતુથી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ નિરંતર કાર્યરત છે. કાર્યને બળ ઉત્સાહ અને સમગ્ર સમાજ સક્રિય સહયોગ મળે એ માટે વિજયાદશમી ઉત્સવનું આયોજન સંપન્ન થયેલ જેમાં સુત્રાપાડા તાલુકા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સ્વયંસેવકો તેમજ સુત્રાપાડા તાલુકામાંથી તથા પ્રાચી ઘંટીયા ગામમાંથી બહોળી સંખ્યામાં સંઘ પ્રેમી લોકોએ આ કાર્યક્રમનો લાભ લીધો હતો. (તસ્વીર : જાદવભાઈ ચુડાસમા)



# જામકંડોરણાના શહીદ વિશ્વરાજસિંહ ગોહિલને વીરોચિત સન્માન સાથે અંતિમ વિદાય અપાઈ





(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૧૪

ભારતીય સેનામાં અગ્નિવીર તરીકે ફરજ બજાવતા જામકંડોરણા તાલુકાના ગોહિલ વિશ્વરાજસિંહ મહિપતસિંહ મહારાષ્ટ્રના દેવલાલી ખાતે શહીદ થતાં તેમના પાર્થિવ દેહને વતન આંચવડ ખાતે વીરોચિત માન સન્માન સાથે અંતિમ વિદાય અપાઈ હતી. રાજકોટના ગોહિલ વિશ્વરાજસિંહ મહિપતસિંહની ભારતીય સેનામાં અગ્નિવીર તરીકે દેવલાલી ખાતે ફરજ બજાવી રહ્યા હતા, તે દરમ્યાન ફાયરિંગ રેન્જમાં તેઓ વીરગતિ પામ્યા હતા. તેમનો પાર્થિવ દેહ એમ્બ્યુલન્સ દ્વારા જામકંડોરણા લાવવામાં આવ્યો હતો, જ્યાં જવાનોએ સલામી આપી તેમને શ્રદ્ધાંજલિ આપી હતી. અંતિમ દર્શન માટે જામકંડોરણા રજપૂત સમાજ ખાતે તેમના નશ્વર દેહને રાખવામાં આવ્યો હતો. કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી મનસુખ માંડવીયા, રાજ્યના મહિલા અને બાળ વિકાસ મંત્રી ભાનુબેન બાબરીયા અને ધારાસભ્ય જયેશભાઈ રાદડિયા, જિલ્લા કલેકટર પ્રભવ જોશી, જિલ્લા પોલીસ અધિક્ષક જયપાલસિંહ રાઠોર, પ્રાંત અધિકારી જે.એન.લીખીયા, ભૂતપૂર્વ સૈનિકો અને ગામવાસીઓ સહિત અનેક મહાનુભાવોએ શહીદ ગોહિલ વિશ્વરાજસિંહ મહિપતસિંહને શ્રદ્ધાંજલિ આપી હતી. જામકંડોરણા રજપૂત સમાજ ખાતેથી નીકળેલી ગોહિલ વિશ્વરાજસિંહ મહિપતસિંહની અંતિમયાત્રા બાદ શાસ્ત્રોકત વિધિ અનુસાર તેમના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. પરિવારના સભ્યો અને મિત્રોએ ગામના પનોતા પુત્રને ભાવભરી શ્રદ્ધાંજલિ આપી હતી, ત્યારે ઉપસ્થિત તમામની આંખો ભીની થઈ ગઈ હતી અને વાતાવરણ "ભારત માતાકી જય"ના નારાથી ગુંજી ઉઠ્યું હતું.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

ગંગા સમાન કોઈ તીર્થ નથી.

- અજ્ઞાત

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.ખોરદાદ-૧૩૯૪, મુ. રબી-ઉલ્લ-આખર-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૧, આસો સુદ-૧૧ પાશાંકુશાં એકાદશી-(ભાગવત-વૈષ્ણવ), ભરત મિલાપ, બારસનો ક્ષય છે, પંચક તા.૧૪ ઓક્ટોબર ૨૦૨૪, સોમવાર, પારસી તા.૧, મુસ્લિમ તા.૧૦, શત્તતારકા નક્ષત્ર, શૂળ યોગ, બવ કરણ, સૂ.ઉ.૬:૪૮, સૂ.અ.૬:૨૬

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી કુંભ (ગ શ સ ષ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

## સાપ્તાહિક રાશી ભવિષ્ય

## તા. ૧૪-૧૦-૨૦૨૪ થી ૨૦-૧૦-૨૦૨૪ સુધીનું આપનું સાપ્તાહિક રાશિ ભવિષ્ય

**મેષ : અ.લ.ઈ. સ્વામિ - મંગળ**

આ સપ્તાહ દરમિયાન હિમ્મત અને સ્વાસ્થય ટકાવી રાખવા હિતાવહ. દ્રઢતા અને મક્કમતા કેળવવા માનસિક સ્વાસ્થય જાળવી શકશો તો પરિસ્થિતની સાનુકૂળતા રહેશે. નાણાંકીય મૂંઝવણ રહ્યા કરે. એક સાંધો ત્યાં તેર તૂટે તેવી પરિસ્થિતિ રહે. ધંધા-વ્યવસાયમાં મિશ્ર સંજોગો રહે. નોકરીયાતને અટકેલા લાભો મળે અને ઉન્નતિનો માર્ગ સરળ બને. મળેલી તકને ઝડપી લેવી. કૌટુંબિક પ્રશ્નોને કારણે મનમાં અશાંતિ રહે. જીવનસાથી સાથે વિશેષ લગાવ રહે.

**વૃષભ : બ.વ.ઉ. સ્વામિ - શુક્ર**

આ સમય દરમિયાન માનસિક ઉત્પાત કે અજંપો વર્તાય. આત્મવિશ્વાસ અડગ રાખવું. તમારા વિચારો અને સિધ્ધાંતોને વળગી ન રહેવું. આર્થિક પરિસ્થિતિમાં સુધારો થાય. અગત્યની કામગીરી કે ઉપરી દ્વારા યશ ન મળતા ઉદ્વેગ રહે. જીવનસાથી સાથે કુનેહપૂર્વક અને સહનશીલતાસભર વર્તન કરવું. સંતાનો સાથે સારૂં રહે. આરોગ્ય જાળવવું હિતાવહ.

**મિથુન : ક.છ.ઘ. સ્વામિ - બુધ**

આ સપ્તાહ દરમિયાન તમારી સમસ્યાનો ઉકેલ મળતા રાહતનો અનુભવ થાય. નાણાંકીય સ્થિતિ મુશ્કેલીભરી રહે. એક બાજુ ખર્ચ વધે જ્યારે બીજી બાજુ આવક યથાવત રહે જેથી નાણાંભીડનો સામનો કરવો પડે. નોકરી ક્ષેત્રે પણ દેખીતા લાભ મેળવી શકશો નહીં. વિરોધીઓના કારણે વિઘ્નો આવે. વેપાર-ધંધા ક્ષેત્રે પણ સંઘર્ષમય સ્થિતિ રહે. દામ્પત્યજીવનમાં સાનુકૂળતા અને લાગણીસભર વાતાવરણ રહે. આરોગ્ય એકંદરે સારું રહે.

**કર્ક : ડ.હ. સ્વામિ - ચંદ્ર**

આ સપ્તાહ દરમિયાન અકારણ ચિંતાને કારણે અકળામણ અને અશાંતિ વધે. મનને શાંત રાખવું હિતાવહ. વાણી સંયમ જાળવવું. નાણાંકીય જવાબદારી વધે, આવક કરતા જાવક વધે. આ સમય દરમિયાન નાણાંનુ રોકાણકરવું નહિં કે મોટા સાહસમાં ન પડવું હિતાવહ. નોકરીયાત માટે આ સમય સારો છે. પ્રગત્તિ અને ઉન્નતિની તક મળે. વડીલો કે સ્નેહિજનોની તબિયત અંગે ચિંતા રહે. જીવનસાથીનો સહકાર મળે.

**સિંહ : મ.ટ. સ્વામિ - સૂર્ય**

આ સપ્તાહ દરમિયાન અંગત મુશ્કેલીઓને કારણે વ્યથા અનુભવાય. બેચેની રહે, મનને પ્રવૃત્તિમાં રાખવું જેથી રાહત અનુભવાય. નાણાંકીય પરિસ્થિતિ મધ્યમ રહે. ખર્ચ અને ચૂકવણીના કારણે આવક વપરાઈ જાય. નોકરીયાત વર્ગ માટે આ સમય પ્રતિકૂળતાસભર છે. વિરોધીઓથી સાવધ રહેવું અને ઉતાવળીયા નિર્ણયો ન લેવા. ઉપરી અધિકારીથી ચકમક ઝરે. મિલ્કત અંગેના પ્રશ્નો યથાવત રહે. ગૃહજીવનમાં મતભેદ હોય તો તે દૂર થાય. આરોગ્ય એકંદરે સારું રહે.

**કન્યા : પ.ઠ.ણ. સ્વામિ - બુધ**

આ સપ્તાહ દરમિયાન તમે સર્જનાત્મક કાર્યો કરી શકશો. સફળતા મળે. મનમાં આનંદ-ઉત્સાહનું વાતાવરણ રહે. નાણાંકીય રીતે મૂંઝવણ અનુભવાય છતાં કોઈ કાર્ય અટકે નહીં. ધંધા-વ્યવસાય ક્ષેત્રે ધીમીગતિએ પ્રગતિ થાય. વિરોધીઓના હાથ વડે નોકરીયાત વર્ગ માટે આ સમય સફળતા-યશ-માન અપાવનાર રહે. ગૃહસ્થીજીવનમાં સંવાદીતતા ભર્યું વાતાવરણ રહે. સંતાનો પ્રત્યે વધુ ધ્યાન આપવું જરૂરી બને. આરોગ્ય સારું રહે.

**તુલા : ર.ત. સ્વામિ - શુક્ર**

આ સપ્તાહ દરમિયાન ટેન્શન અને તાણમાંથી મૂક્તિ મળે. નવિન તકો આવે તેને વધાવી લેજો. યશ-માન-પ્રતિષ્ઠામાં વધારો થાય. આર્થિક પરિસ્થિતિ થોડી ગુંચવાય. ફરજ અને ખર્ચાઓ વધે છતાં તમારા કાર્યો અટકે નહીં. નોકરી-ધંધા ક્ષેત્રે આ સમય સાનુકૂળતાસભર છે. નોકરીયાત વર્ગને મુશ્કેલી હોય તો તેને તેમાંથી માર્ગ મળે. ધંધા-વ્યવસાયવાળાના ભાગીદારીના પ્રશ્નો હલ થાય, હિતશત્રુઓથી સાવધ રહેવું.

**વૃશ્ચિક : ન.ય. સ્વામિ - મંગળ**

આ સપ્તાહ દરમિયાન તમે માનસિક રીતે સ્વસ્થ રહો. આત્મવિશ્વાસમાં વધારો થાય. વ્યવસાયમાં નવી તકો મળે જેનું ભવિષ્ય માટે આયોજન થાય. નોકરીયાત માટે સારું રહે. અંગત પ્રશ્નો ઉકેલાય. બઢતી મળે, ભાગીદારીથી ચેતતા રહેવું. હિતશત્રુઓના કારણે વિઘ્નો આવે. કૌટુંબિક રીતે જોતા ભાઈ-ભાંડુ સાથે વિવાદ સર્જાય. બાળકોથી સુખ મળે. જીવનસાથીનો સહકાર સંપાદન કરી શકાય.

**ધન : ભ.ધ.ફ.ઢ. સ્વામિ - ગુરૂ**

આ સપ્તાહ દરમિયાન ખોટી ચિંતાઓ વધે. અવિશ્વાસ, શંકા, ભયથી દૂર રહેવું નહિંતો ગૃહસ્થીજીવનમાં અસંતોષ રહે. નાણાંકીય તકલીફ દૂર થાય. અન્યોની મદદ દ્વારા ધંધાકીય કાર્યો પાર પડે. ખર્ચ વધે, નોકરીયાત વર્ગ માટે સાનુકૂળતાસભર સમય. ઉપરી અધિકારીઓનો વિશ્વાસ સંપાદન કરી શકશો. કોર્ટ-કચેરીને લગતા પ્રશ્નો ઉકેલાય. વડીલો અને ભાઈ-ભાડુંઓની મદદ મળે.

**મકર : ખ.જ. સ્વામિ - શની**

આ સપ્તાહ દરમિયાન લાંબા સમયથી ચાલી આવતી અશાંતિ દૂર થાય. સાનુકૂળતા સભર સમય. વધારાની આવક ઊભી થાય. ધંધા-વ્યવસાય ક્ષેત્રે શુભ સમય, નોકરીયાત વર્ગના બઢતી-બદલીના પ્રશ્નોનો હલ થાય. મહત્વની કામગીરી અંગે યશ મળે. કૌટુંબિક પ્રશ્નો હલ થાય. જીવનમાં શાંતિ અને આનંદનું વાતાવરણ રહે. તબિયત સારી રહે.

**કુંભ : ગ.શ.ષ.સ. સ્વામિ -શની**

આ સપ્તાહ પ્રગતિકારક રહે. માનસિક સ્વાસ્થય જાળવી શકાય. વિપરીત સંજોગોમાંથી માર્ગ મળે. ધંધાકીય ક્ષેત્રે સ્થિતિ યથાવત રહે. આવક વધે નહિં પરંતુ ખર્ચમાં થોડો વધારો થતા નાણાંકીય મૂંઝવણ રહે. વિરોધીઓથી ચેતતા રહેવું. નોકરીયાત માટે સારો સમય છે છતાં પણ સમાધાનકારી વલણ અપનાવવું હિતાવહ. દામ્પત્યજીવનમાં સર્જાયેલા મતભેદો દૂર થાય. સહકાર ભર્યું વાતાવરણ રહે.

**મીન : દ.ચ.ઝ.થ. સ્વામિ - ગુરૂ**

આ સપ્તાહ દરમિયાન નિરાશાના વાદળો દૂર થતા જણાય. બોધરેશન હળવું થાય અને મનમાં રાહત અનુભવાય. ધંધાકીય ક્ષેત્રે જરૂરી આવક મળી રહે પરંતુ પુરૂષાર્થ કરવું પડે. મહત્વના નિર્ણયો લઈ શકાય. નોકરીયાત વર્ગ માટે મિશ્ર સમય. વાણી સંયમ જાળવવો હિતાવહ. ગૃહસ્થીજીવનમાં મતભેદ રહે.

# ધો.૧૨ સાયન્સની જેમ સામાન્ય પ્રવાહ અને ધો.૧૦માં પણ બેસ્ટ ઓફ ટુના અમલનો નિર્ણય

## મુખ્ય પરીક્ષા અને પૂરક પરીક્ષા પૈકી જેમાં વધુ ગુણ હશે તે પરિણામ ગ્રાહ્ય રાખવામાં આવશે, ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં વિદ્યાર્થીઓને પરિણામ સુધારવાની તક મળશે

અમદાવાદ, તા.૧૪

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડમાં હવે ધોરણ-૧૨ સાયન્સની જેમ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં પણ બેસ્ટ ઓફ ટુ મુજબ પરિણામ સુધારવાની તક આપવાનો નિર્ણય લેવાયો છે. જે અનુસાર મુખ્ય પરીક્ષા બાદ પૂરક પરીક્ષામાં પણ તમામ વિષયની પરીક્ષા લેવાશે અને બંને પરીક્ષા પૈકી જેમાં વધુ ગુણ હશે તે માન્ય રાખવામાં આવશે. આમ, હવે બોર્ડ દ્વારા વર્ષમાં બે વખત તમામ વિષયોની પરીક્ષાનું આયોજન કરવામાં આવશે. પ્રાપ્ત માહિતી અનુસાર, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા અત્યાર સુધી ધોરણ-૧૨ સાયન્સમાં ૩ વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓની પુરક પરીક્ષા લેવામાં આવતી હતી. જ્યારે ધોરણ-૧૦માં બે વિષય અને ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં એક વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓની પૂરક પરીક્ષા લેવાતી હતી. પરંતુ ગત પરીક્ષા એટલે કે માર્ચ-૨૦૨૪ની પરીક્ષાથી બોર્ડ દ્વારા તેમાં ફેરફાર કરવામાં આવ્યો હતો. જે અનુસાર ધોરણ૧૨ સાયન્સમાં બેસ્ટ ઓફ ટુ મુજબ પરિણામ સુધારવાની તક આપવામાં આવી હતી. જેમાં ધોરણ-૧૨ સાયન્સના વિદ્યાર્થીઓ માટે મુખ્ય પરીક્ષા બાદ પૂરક પરીક્ષામાં પણ તમામ વિષયની પરીક્ષા લેવામાં આવી હતી. જોકે, ત્યારબાદ શિક્ષણ બોર્ડ દ્વારા સરકાર સમક્ષ ધોરણ-૧૨ સાયન્સની જેમ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓને પણ બેસ્ટ ઓફ ટુ મુજબ પરિણામ સુધારવાની તક મળે તે માટે આ બંને ધોરણમાં પણ મુખ્ય પરીક્ષા સાથે પૂરક પરીક્ષામાં પણ તમામ વિષયની પરીક્ષા લેવા માટેની દરખાસ્ત કરવામાં આવી હતી. દરખાસ્તના અનુસંધાને રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા પરીક્ષા માટેની જોગવાઈમાં સુધારો કરવાની મંજૂરી આપી છે. જેના પગલે હવે ધોરણ-૧૨ સાયન્સની જેમ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓને પણ બેસ્ટ ઓફ ટુ મુજબ પરિણામ સુધારવાની તક મળશે. આ વખતે ફેબ્રુઆરીથી શરૂ થનારી પરીક્ષા બાદ પૂરક પરીક્ષામાં પણ તમામ વિષયોની પરીક્ષાનું આયોજન કરાશે. આમ, બોર્ડને આગામી પરીક્ષા બે વખત યોજવી પડશે. મુખ્ય પરીક્ષામાં પાસ થયેલા વિદ્યાર્થીઓ પણ પરિણામ સુધારવા માટે પુરક પરીક્ષામાં ઉપસ્થિત રહી શકશે. ત્યારબાદ મુખ્ય પરીક્ષા અને પૂરક પરીક્ષા બંનેમાંથી જેમાં વધુ ગુણ હશે તે માન્ય રાખી પરિણામ તૈયાર કરવામાં આવશે. શિક્ષણ બોર્ડની અગાઉની જોગવાઈ અનુસાર ધોરણ-૧૦ અને ૧૨ની મુખ્ય પરીક્ષા માર્ચ માસમાં યોજવામાં આવતી હતી. જ્યારે પૂરક પરીક્ષા જુલાઈ માસમાં યોજવામાં આવતી હતી. પરંતુ હવે જોગવાઈમાં ફેરફાર કરાયા બાદ પરીક્ષા અંગનો મહિનો નક્કી કરવામાં આવ્યો નથી. નવી જોગવાઈ અનુસાર મુખ્ય પરીક્ષા બોર્ડ દ્વારા નક્કી કરવામાં આવે તે માસમાં યોજવામાં આવશે.

# રાજ્યની માધ્યમિક શાળામાં શિક્ષણ સહાયકની ભરતી માટે ૨૪મીથી કાર્યવાહી

## ગ્રાન્ટેડ-સરકારી માધ્યમિક શાળામાં ૩૫૧૭ શિક્ષણ સહાયકની ભરતી કરાશે

અમદાવાદ, તા.૧૪

રાજ્યની ગ્રાન્ટેડ અને સરકારી માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયકની નિમણુંક માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જેમાં ૨૪ ઓકટોબરથી ૧૫ નવેમ્બર દરમ્યાન ઉમેદવારો ઓનલાઈન અરજી કરી શકશે. TAT-S 2023 પરીક્ષામાં ૬૦ ટકા કે તેથી વધુ ગુણ મેળવનારા ઉમેદવારો ભરતી માટે અરજી કરી શકશે. ગ્રાન્ટેડ સ્કૂલોમાં ૨૩૧૭ અને સરકારી સ્કૂલોમાં ૧૨૦૦ મળી કુલ ૩૫૧૭ જગ્યાઓ ઉપર ભરતી કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. પ્રાપ્ત માહિતી અનુસાર, રાજયના શિક્ષણ વિભાગના ઠાવની જોગવાઈ અનુસાર રાજયની બિનસરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓમાં (ગુજરાતી, હિન્દી તથા અંગ્રેજી માધ્યમમાં) શિક્ષણ સહાયકની પસંદગી અંગે તમામ જિલ્લા શિક્ષણાધિકારીઓની કચેરી મારફત મળેલી અંદાજિત ખાલી જગ્યાઓ ઉપર શિક્ષણ સહાયકની નિમણૂક અર્થે દ્વિસ્તરીય TAT(S)-2023ના ગુણ આધારિત મેરીટના ધોરણે પસંદગી યાદી તથા પ્રતિક્ષા યાદી તૈયાર કરવા માટે શૈક્ષણિક અને વ્યાવસાયિક લાયકાત ધરાવતા, દ્વિસ્તરીય TAT(S)- 2023 પરીક્ષામાં ૬૦ ટકા કે તેથી વધુ ગુણ મેળવનાર ઉમેદવારો પાસેથી ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવી છે. ગ્રાન્ટેડ સ્કૂલના શિક્ષણ સહાયકની સાથે સરકારી શાળામાં ગુજરાતી અને અંગ્રેજી માધ્યમમાં પણ શિક્ષણ સહાયકની નિમણુંક માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. નિયત લાયકાત ધરાવતા ઉમેદવારો માધ્યમિક વિભાગ માટે ૨૪ ઓકટોબર, ૨૦૨૪થી ૧૫ નવેમ્બર, ૨૦૨૪ સુધી વેબસાઈટ ઉપર મૂકવામાં આવેલી સૂચનાઓનો અભ્યાસ કરી ફોર્મ ભરી શકશે. લાયકાત ધરાવતા ઉમેદવારો અરજીની નિયત થયેલી ફી વેબસાઈટ ઉપર ઓનલાઈન માધ્યમથી જ ભરી શકશે. અરજી માત્ર ઓનલાઈન માધ્યમથી જ સ્વીકારવામાં આવશે. ઓનલાઈન અરજી કરતી વખતે ઉમેદવારે તમામ વિગતો અરજી પત્રકમાં ભર્યા બાદ, તેની ખાત્રી કરીને જ નિયત ફી ભરવાની રહેશે. ભરતી માટે ગ્રાન્ટેડ સ્કૂલોમાં ૨૩૧૭ જેટલી જગ્યા નક્કી કરવામા આવી છે. જેમાં ગુજરાતી માધ્યમની ૨૨૫૮ જેટલી જગ્યાઓ, અંગ્રેજી માધ્યમની ૫૬ જગ્યા અને હિન્દી માધ્યમની ૩ જગ્યાઓનો સમાવેશ થાય છે. જ્યારે સરકારી સ્કૂલોમાં શિક્ષણ સહાયકની નિમણૂક માટે ૧૨૦૦ જગ્યાઓ નક્કી કરાઈ છે. જેમાં ગુજરાતી માધ્યમની ૧૧૯૬ જગ્યા અને અંગ્રેજી માધ્યમની ૪ જગ્યાઓનો સમાવેશ થાય છે. આમ, ગ્રાન્ટેડ અને સરકારી સ્કૂલોમાં મળી કુલ ૩૫૧૭ જેટલી જગ્યાઓ ઉપર ભરતી કરવામાં આવશે.

# બોટ દુર્ઘટના બાબતે વડોદરાના બે પૂર્વ મ્યુનિ. કમિશ્નરોને રાજ્ય સરકાર દ્વારા અપાઈ નોટિસ



અમદાવાદ, તા.૧૪

હરણી બોટ દુર્ઘટના માટે વડોદરાના બે પૂર્વ મ્યુનિસિપલ કમિશનરોને એચ.એસ. પટેલ અને વિનોદ રાવને ફરજમાં બેદરકારી અને પોતાના હોદ્દાનો દુરૂપયોગ કરવા માટે જવાબદાર ઠેરતા હોવાથી તેમની સામે શિસ્તભંગના પગલાં લેવા બાબતે ગુજરાત હાઈકોર્ટ દ્વારા આદેશ અપાયા બાદ સુપ્રિમ કોર્ટમાંથી પણ રાહત નહી મળતા બન્નેને રાજ્ય સરકાર દ્વારા પોતાનો જવાબ રજૂ કરવા માટે આદેશ આપ્યો છે. આ મહિનાના અંત સુધીમાં તેઓએ જવાબ આપવાનો રહેશે અને ત્યારબાદ તેઓ દ્વારા અપાયેલા જવાબની નોંધ લીધા બાદ તપાસની કાર્યવાહી આગળ ધપાવવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગત ૧૮ જાન્યુઆરીએ હરણી તળાવમાં એક હોડી પલટી ગઈ હતી જેમાં પિકનિકમાં ફરવા આવેલા શાળાના ૧૨ બાળકો અને બે શિક્ષકો ગુજરી ગયા હતા. તેની સુઓમોટો કાર્યવાહીની સુનાવણી દરમ્યાન ગુજરાત હાઈકોર્ટનાં ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ પ્રણવ ત્રિવેદીની ખંડપીઠે રાજ્ય સરકારને બે ભૂતપૂર્વ મ્યુનિસિ. કમિશનરો એચ.એસ. પટેલ અને વિનોદ રાવને ફરજમાં બેદરકારી અને પોતાના હોદ્દાનો દુરૂપયોગ કરવા માટે જવાબદાર ઠેરતા હોવાથી તેમની સામે શિસ્તભંગના પગલાં લેવા માટે આદેશ આપ્યો હતો. તે પૈકી એક અધિકારી દ્વારા આદેશ સામે સુપ્રિમ કોર્ટમાં અપીલ કરી હતી પરંતુ તેમા કોઈ રાહત મળી નહોતી. આદેશની નકલ રાજ્ય સરકારને મળ્યા બાદ કાર્યવાહી આગળ ધપાવવામાં આવી હોવાનું નિવેદન એડવોકેટ જનરલ કમલ ત્રિવેદી દ્વારા ગુજરાત હાઈકોર્ટ સમક્ષ કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, દુર્ઘટના અંગેની પીઆઈએલમાં તેના આદેશમાં, મુખ્ય ન્યાયાધીશ સુનીતા અગ્રવાલની ખંડપીઠે જણાવ્યું હતું કે શહેરના લેક ઝોનનું સંચાલન કરનાર કંપની કોટિયા પ્રોજેક્ટ બિડિંગ પ્રકિયા માટે સક્ષમ નહોતી અને તેની પ્રોજેક્ટ અને સંચાલન માટે તેની પસંદગીનો કોઈ પ્રશ્ન નહોતો. ઉચ્ચ સરકારી અધિકારીઓની ક્ષતિઓ તપાસવા માટે તેના દ્વારા રચવામાં આવેલી ફેક્ટ-ફાઈન્ડિંગ કમિટીના અહેવાલનો ઉલ્લેખ કરતાં હાઈકોર્ટે જણાવ્યું હતું કે મનોરંજન પ્રોજેક્ટ માટે બિડિંગ પ્રક્રિયા દરમ્યાન સંબંધિત સમયે પોસ્ટ કરાયેલા બે મ્યુનિસિ. કમિશનરો-એચ.એસ. પટેલ અને વિનોદ રાવ તેમની ફરજની બેદરકારી અને તેમના પદના દુરૂપયોગ માટે દોષિત જણાય છે. તાજેતરમાં હાથ ધરવામાં આવેલી સુનાવણી દરમ્યાન બોટ દુર્ઘઠનાના પિડીત પરિવારોને વળતરની માગણી ગત સુનાવણી દરમ્યાન કરવામાં આવી હતી. ત્યારબાદ કોટિયા પ્રોજેકટના સંચાલકોને નોટીસ આપવામાં આવી હતી. પરંતુ નોટીસ પાઠવી દીધા છતાં પણ તેમના તરફથી કોઈ વકીલ હાજર રહ્યા નહોતા. પિડીતો તરફથી પણ વકીલ હાજર રહ્યા નહોતા. આથી હાઈકોર્ટ સ્પષ્ટ કર્યુ હતું કે, જો આગામી સુનાવણીમાં કોટિયા પ્રોજેક્ટ તરફથી જવાબદારી વકીલો હાજર નહી રહે તો પિડીતોને આપવાની થતી વળતરની રકમ નક્કી કરવામાં આવશે. એડવોકેટ જનરલ જણાવ્યું હતું કે, રાજ્યમાં હાલમાં તમામ જળાશયોમાં બોટીંગની પ્રવૃત્તિ બંધ છે. આ પ્રવૃત્તિઓના નિયંત્રણ માટે નિયમો તૈયાર કરી દેવાયા છે અને આગામી પંદર દિવસમાં તે જાહેર કરવામાં આવશે. હવે આ કેસની સુનાવણી ૧૮ ઓક્ટોબરના રોજ રાખવામાં આવી છે.

# ભારતના ૧૦૦ સૌથી ધનિક ઉદ્યોગપતિઓએ $1 ટ્રિલિયનનો માઈલસ્ટોન વટાવ્યો, ગૌતમ અદાણી બીજા સ્થાને : ફોર્બ્સની યાદી



મુંબઈ તા.૧૪

ફોર્બ્સની ભારતના ટોચના ૧૦૦ અબજોપતિઓની યાદી અનુસાર રેકોર્ડબ્રેકિંગ વર્ષમાં, ભારતના સૌથી ધનિકોની સંપત્તિ હવે $1.1 ટ્રિલિયન છે, જે તેઓ ૨૦૧૯ની સરખામણીમાં બમણા કરતાં વધુ છે. ફોર્બ્સના અહેવાલ અનુસાર, ભારતના ૧૦૦ સૌથી ધનાઢ્ય ઉદ્યોગપતિઓની સામૂહિક સંપત્તિએ પ્રથમ વખત ટ્રિલિયન ડૉલરના માઈલસ્ટોનને વટાવી દીધું છે કારણ કે દેશના સૌથી ધનાઢ્ય ટાયકૂન્સમાંથી ૮૦ ટકાથી વધુ હવે તેઓ એક વર્ષ પહેલાં કરતાં વધુ સમૃદ્ધ છે. ફોર્બ્સની ભારતના ટોચના ૧૦૦ અબજોપતિઓની યાદી અનુસાર રેકોર્ડ બ્રેકિંગ વર્ષમાં, ભારતના સૌથી ધનિકોની સંપત્તિ હવે $1.1 ટ્રિલિયન છે, જે તેઓ ૨૦૧૯ની સરખામણીમાં બમણા કરતાં વધુ છે.

અહેવાલમાં નોંધવામાં આવ્યું છે કે, "સૌથી વધુ ડોલરમાં વધારો કરનાર ઈન્ફ્રાસ્ટ્રક્ચર મેગ્નેટ ગૌતમ અદાણી છે, જેમણે ગયા વર્ષના શોર્ટ સેલિંગ હુમલામાંથી મજબૂત રિકવરી પોસ્ટ કરી હતી અને તાજેતરમાં તેમના પુત્રો અને ભત્રીજાઓને મુખ્ય હોદ્દા ઉપર મૂક્યા હતા,". અહેવાલમાં ઉમેરવામાં આવ્યું હતું કે,"તેમના ભાઈ વિનોદ (અદાણી) સાથે, તેમણે પરિવારની નેટવર્થ $116 કરોડ સુધી લઈ જવા માટે $48 કરોડ ઉમેર્યા, જે નંબર ૨નું સ્થાન જાળવી રાખવા માટે પૂરતું છે." અહેવાલ મુજબ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ત્રીજા કાર્યકાળમાં દેશની વૃદ્ધિની વાર્તા વિશે રોકાણકારોનો ઉત્સાહ મજબૂત રહ્યો હોવાથી ભારતના સૌથી ધનિકોએ છેલ્લા ૧૨ મહિનામાં $316 કરોડ અથવા લગભગ ૪૦ ટકા ઉમેર્યા છે. અહેવાલમાં જણાવાયું છે કે, "સ્ટીલ-ટુ- પાવર સમૂહ OP જિંદાલ ગ્રૂપના માતૃશ્રી સાવિત્રી જિંદાલ જેમના પુત્ર સજ્જન જિંદાલે તાજેતરમાં MG મોટર સાથે ઈલેક્ટ્રિક વાહનોમાં મહત્વાકાંક્ષી દાવેદારી કરી છે, તે પ્રથમ વખત નંબર ૩ ઉપર પહોંચી ગઈ છે. તે યાદીમાંની નવ મહિલાઓમાંની એક છે, જે એક વર્ષ પહેલા આઠથી વધુ છે. મહિમા દાતલા, જેઓ ખાનગી રીતે સંચાલિત રસી નિર્માતા બાયોલોજીકલ ઈ.ને નિયંત્રિત કરે છે તે ફોર્બ્સની યાદીમાં ચાર નવાંગતુંકો પૈકીના એક છે. પ્રખ્યાત સૂચિમાં અન્ય લોકોમાં, જેનરિક દવાઓ અને ફાર્મા ઘટકોના નિર્માતા હેટેરો લેબ્સના સ્થાપક બી.પાર્થ સારધિ રેડ્ડી; એપરલ ઉત્પાદક શાહી એક્સપોર્ટ્સના હરીશ આહુજા અને સોલાર પેનલ્સ અને મોડ્યુલ બનાવતી પ્રીમિયર એનર્જીના સ્થાપક અને ચેરમેન સુરેન્દર સલુજા સમાવિષ્ટ છે. સન ફાર્માસ્યુટિકલ ઈન્ડસ્ટ્રીઝના સ્થાપક દિલીપ સંઘવી $32.4 કરોડ સાથે ત્રણ સ્થાનની છલાંગ લગાવીને પાંચમા સ્થાને છે અને ટોરેન્ટ ગ્રૂપના ભાઈ-બહેન સુધીર અને સમીર મહેતાની સંપત્તિ બમણી કરતાં વધુ વધીને $16.3 કરોડ થઈ છે. ગોદરેજ પરિવારમાંથી, ભાઈઓ આદિ અને નાદિર ગોદરેજ, જેઓ ગોદરેજ ઈન્ડસ્ટ્રીઝ ગ્રૂપ હેઠળ લિસ્ટેડ કંપનીઓને નિયંત્રિત કરે છે અને તેમના પિતરાઈ ભાઈઓ જમશેદ ગોદરેજ અને સ્મિતા ક્રિષ્ના ગોદરેજ, જેઓ ગોદરેજ એન્ટરપ્રાઈઝ ગ્રૂપ હેઠળ ખાનગી માલિકીની ફ્લેગશિપ ગોદરેજ એન્ડ બોયસને નિયંત્રિત કરે છે, તેઓ યાદીમાં સ્થાન ધરાવે છે. ૩૮ વર્ષીય નિખિલ કામથ, જેઓ તેમના ૪૫ વર્ષીય ભાઈ નિતિન સાથે ઓનલાઈન બ્રોકરેજ ઝીરોધાની સહ-સ્થાપના છે અને સંચાલન કરે છે તે યાદીમાં છ નોન-એજનેરિયન્સમાં સામેલ છે.

# લેબેનોનમાં અત્યાર સુધીમાં ઈઝરાયેલી હુમલામાં મૃત્યુઆંક ૨,૧૬૯ ઉપર થયો

(એજન્સી) તા.૧૪

લેબેનોનના આરોગ્ય મંત્રાલયે જણાવ્યું હતું કે ૮ ઓકટોબર, ૨૦૨૩થી ઈઝરાયેલી હુમલામાં મૃત્યુઆંક ૨,૧૬૯ ઉપર પહોંચી ગયો છે, જ્યારે ૧૦,૨૧૨ લોકો ઘાયલ થયા છે. મંત્રાલયે જણાવ્યું કે છેલ્લા ૨૪ કલાકમાં ૨૮ લોકો માર્યા ગયા અને ૧૧૩ ઘાયલ થયા. ઈઝરાયેલે ૨૩ સપ્ટેમ્બરથી લેબેનોનમાં હિઝબુલ્લાહના લક્ષ્યો ઉપર મોટા પ્રમાણમાં હવાઈ હુમલા કર્યા છે, જેમાં ૧,૩૫૧થી વધુ લોકો માર્યા ગયા છે અને ૩,૮૦૦થી વધુ ઘાયલ થયા છે. હવાઈ હુમલાથી ગાઝા પટ્ટી ઉપર તેલ અવીવના ઘાતકી આક્રમણની શરૂઆતથી ઈઝરાયેલ અને હિઝબુલ્લાહ વચ્ચેના વર્ષ-લાંબા સીમા પાર યુદ્ધનું વિસ્તરણ થયું છે,

# શું કોંગ્રેસને આંતરિક વિખવાદની કિંમત ચૂકવવી પડી રહી છે ?




નવી દિલ્હી, તા.૧૪

હરિયાણા વિધાનસભાની ચૂંટણીઓમાં ભાજપે અનેક પડકારોનો સામનો કરીને સત્તા ઉપર ફરી એક વાર પગદંડો જમાવી દીધો છે અને વિજયની હેટ્રિક કરી દીધી છે જે કોંગ્રેસ માટે મોટી પીછેહઠ સમાન પરિણામ રહ્યા છે કેમકે ૧૦ વર્ષ સુધી વિરોધ પક્ષમાં રહ્યા બાદ કોંગ્રેસને સત્તા ઉપર આવવાની ધારણા હતી. હરિયાણાને લગતા એક્ઝિટ પોલમાં કોંગ્રેસનો વિજય થઈ રહ્યાનું તારણ દર્શાવવામાં આવ્યું હતું પણ પરિણામો કોંગ્રેસ માટે આઘાતજનક રહ્યા છે અને નબળા દેખાવ માટે કેટલાક નેતાઓ હરિયાણા કોંગ્રેસમાં ખૂબ જ સખત વિખવાદ, આંતરિક સંઘર્ષ અને જૂથવાદને દોષિત ઠરાવી રહ્યા છે. પૂર્વ મુખ્યમંત્રી ભૂપેન્દ્રસિંહ હુડા અને પૂર્વ કેન્દ્રીય મંત્રી કુમારી શેલજા અને રણદીપ સુરજેવાલાના જૂથો વચ્ચે મુખ્યમંત્રી પદના હોદ્દા માટે મહત્ત્વાકાંક્ષાની લડાઈ જામી હતી જેનું કોંગ્રેસને નુકસાન થયું છે. કુમારી શેલજાએ પક્ષનો લોકપ્રિય દલિત ચહેરો હોવા છતાં તેઓ ચૂંટણી ઢંઢેરા જાહેર કરવાના કાર્યક્રમમાં પણ નહોતા અને બે સપ્તાહ સુધી પ્રચારથી પણ દૂર રહ્યા હતા. કુમારી શેલજાએ એમના ૩૫ વફાદારો અને પોતાના માટે ટિકિટ માંગી હતી. પરંતુ એમને એમના વફાદારો માટે ૧૦ ટિકિટ મળી હતી અને હુડા છાવણીને તેમના વફાદારો માટે ૭૦ જેટલી ટિકિટો મળી હતી એટલે ટિકિટ વિતરણથી જ વિખવાદ ઊભો થઈ ગયો હતો. ૨૦૧૯માં પણ કોંગ્રેસને આંતરિક જૂથવાદને કારણે જ ચૂંટણી હારી જવી પડી હતી અને તેનું પુનરાવર્તન થયું છે. એવું લાગે છે કે મધ્યપ્રદેશ અને છત્તીસગઢની વિધાનસભા ચૂંટણીઓના પરિણામોમાંથી કોંગ્રેસે કોઈ બોધપાઠ લીધો નથી અને કશું શીખી નથી. કોંગ્રેસના જ કેટલાક નેતાઓ હરિયાણાની હાર માટે સ્થાનિક પ્રાદેશિક ઘટક ઉપર જ વધુ પડતો મદાર રાખવાને કારણભૂત ગણી રહ્યા છે અને એવું જ એમપી અને છત્તીસગઢમાં થયું હતું એવું નેતાઓનું માનવું છે. હરિયાણામાં પાર્ટીએ સીએમનો કોઈ ચેહરો જાહેર કર્યો હતો પણ એ કોઈનાથી છૂપું નહોતું કે ટિકિટ મેળવવામાં જેમનો હાથ ઉપર રહ્યો હતો એ હુડા છાવણી જતી અને મુખ્યમંત્રી પદે પણ તેઓ જ આવ્યા હોત. બીજું કારણ પરાજય માટે એવું માનવામાં આવે છે કે જાટ જ્ઞાતિ ઉપર વધુ પડતું અવલંબન રાખવામાં આવ્યું હતું જેના કારણે તમામ બિનજાટ મત ભાજપની છાવણીમાં ચાલ્યા ગયા છે. નિરીક્ષકો કહે છે કે સંખ્યાબંધ અપક્ષ ઉમેદવારો અને બળવાખોર ઉમેદવારોએ કોંગ્રેસની બાજી બગાડી નાખી છે. અહીં અન્ય કેટલાય પક્ષો પણ મેદાનમાં હતા. રાહુલ ગાંધી આમ આદમી પાર્ટી સાથે જોડાણ કરવા આતુર હતા પણ હુડા છાવણીએ એવું થવા દીધું નહોતું. જો કે જમ્મુ અને કાશ્મીરમાં જોરદાર સફળતા મળતા કોંગ્રેસને મોટી રાહત થઈ છે. જો કે વિજયની પૂરેપૂરી યશગાથા નેશનલ કોન્ફરન્સના નામે જાય છે એટલે કોંગ્રેસે કઈ બહુ ઉજવણી કરવા જેવું નથી. હરિયાણાના પરિણામોની મહારાષ્ટ્રને ઝારખંડમાં વિધાનસભાની ચૂંટણીઓમાં પણ અસર થાય તેવી કોંગ્રેસના નિરીક્ષકોને આશંકા છે.

# ટેટલીથી જેગુઆર લેન્ડ રોવર સુધી રતન તાતાના નેતૃત્વમાં કેવી રીતે તાતા એક વૈશ્વિક બ્રાન્ડ બની




મુંબઈ તા.૧૪

રતન તાતાનું નિધન થયું છે. રતન તાતાએ ૯ ઓકટોબરના રોજ મોડી રાતે દુનિયાને અલવિદા કહી દીધું હતું. તાતા ગ્રૂપના વડા અને ભારતીય ઉદ્યોગપતિ અને પરોપકારી રતન નવલ તાતાએ મુંબઈની બ્રીચ કેન્ડી હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા હતા. તાતા ગ્રુપના ચેરમેન એન ચંદ્રશેખરે એક સત્તાવાર નિવેદન જારી કરીને રતન તાતાના નિધનની જાણ કરી છે. રતન તાતાએ તાતા ગ્રૂપને નવી ઉંચાઈઓ અને સફળતા શિખર ઉપર પહોંચાડ્યું છે. રતન તાતાનો જન્મ વર્ષ ૧૯૩૭માં ૨૮ ડિસેમ્બરના રોજ મુંબઈ સ્થિત એક પારસી પરિવારમાં થયો હતો. વર્ષ ૧૯૭૫માં હાર્વર્ડ બિઝનેસ સ્કૂલમાં અભ્યાસ કરનાર રતન તાતા ૧૯૬૧માં તાતા ગ્રૂપમાં જોડાયા હતા. રતન તાતાએ પોતાની કમાણીનો ૬૫ ટકા હિસ્સો દાનમાં આપી દીધો હતો. રતન તાતાએ પોતાની પાછળ એક વિશાળ ઉદ્યોગ સામ્રાજ્ય છોડીને ગયા છે. આવો તમને જણાવીએ રતન તાતાની નેટવર્થ, બિઝનેસ અને પર્સનલ લાઈફ સાથે જોડાયેલી રસપ્રદ વાતો રતન તાતાનો જન્મ ૧૯૩૭માં જાણીતા પારસી તાતા પરિવારમાં થયો હતો. તેમના પિતા નવલ તાતા અને માતા સુની તાતા હતા. નાની ઉંમરમાં જ તેમણે પોતાના પારિવારિક વ્યવસાયની કમાન સંભાળી લીધી હતી. તેમણે પ્રખ્યાત હાર્વર્ડ બિઝનેસ સ્કૂલમાંથી પોતાનો અભ્યાસ પૂર્ણ કર્યો. તેમણે કોર્નેલ યુનિવર્સિટીમાંથી આર્કિટેક્ચરની ડિગ્રી સાથે સ્નાતક થયા. રતન તાતા ૧૯૬૨માં તાતા ગ્રૂપમાં જોડાયા હતા અને ધીમે ધીમે તેમણે તેમની કુશળતા અને જૂથમાં જુદાજુદા અનુભવોને પ્રતાપે પ્રગતિ હાંસલ કરી હતી. આ સમયે તેઓ જમશેદપુરની તાતા સ્ટીલ ફેક્ટરીમાં આસિસ્ટન્ટ તરીકે કામ કરતા હતા. ૧૯૯૧માં તેમને તાતા ગ્રૂપની હોલ્ડિંગ કંપની તાતા સન્સના ચેરમેન તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. રતન તાતાના જીવનમાં સૌથી મોટી સિદ્ધિ ત્યારે મળી જ્યારે તેમણે બ્રિટનની ત્રણ કંપનીઓ–ટેટલી (Tetley), કોરસ (Corus), જગુઆર (Jaguar)ને હસ્તગત કરી હતી. આ બિઝનેસ ડીલથી રતન તાતાએ માત્ર તાતા ગ્રૂપને જ નહીં પરંતુ ભારતને પણ વૈશ્વિક બિઝનેસ વર્લ્ડમાં એક નવી ઓળખ અપાવી હતી. ૧૯૯૬માં એક ક્રાંતિકારી નિર્ણય લેતા રતન તાતાએ ટેલિકોમ બિઝનેસમાં પગ મૂક્યો અને તાતા ટેલિસર્વિસીસની શરૂઆત થઈ. રતન તાતાએ ૧૯૯૮માં ભારતની પ્રથમ સ્વદેશી મેડ ઈન ઈન્ડિયા પેસેન્જર કાર તાતા ઈન્ડિકા લોન્ચ કરી હતી. પોતાની આઈકોનિક ડિઝાઈન અને સસ્તી કિંમતના કારણે તાતા ઈન્ડિયાએ ભારતમાં ઘણી લોકપ્રિયતા મેળવી અને તાતા મોટર્સને નવું સ્થાન અપાવ્યું. ૨૦૦૨માં તાતા સન્સે વીએસએનએલ (VSNL) હસ્તગત કરી અને તાતા કમ્યુનિકેશન્સની રચના કરવામાં આવી. ૨૦૦૮માં તાતાએ ભારતમાં સામાન્ય ભારતીય કારનું સપનું પૂરૂ કરવાનું વચન પૂરૂ કર્યું હતું અને તાતા નેનો કાર ૧ લાખ રૂપિયામાં લોન્ચ કરી હતી. ૨૦૧૨માં રતન તાતાએ તાતા સન્સના ચેરમેન પદેથી રાજીનામું આપી દીધું હતું, પરંતુ તાતા ગ્રૂપને તેમનું માર્ગદર્શન મળતું રહ્યું હતું. આ પછી તેમણે ભારતમાં ગરીબ લોકોના જીવન ધોરણને સુધારવા માટે તાતા ટ્રસ્ટ્સ સાથે કામગીરી કરી. રતન તાતા પોતાના પાછળ કરોડો રૂપિયાનું સંપત્તિ છોડતા ગયા છે. રતન તાતાની નેટવર્થ ૩,૮૦૦ કરોડ રૂપિયા હતી અને IIFL વેલ્થ હુરૂન ઈન્ડિયા રિચ લિસ્ટર ૨૦૨૨ની યાદીમાં તેમને ૪૨૧મું સ્થાન મળ્યું હતું. રતન તાતાની વાત થશે ત્યારે તાતા નેનો કારનો ઉલ્લેખ થશે. રતન તાતાની વિચારસરણી હંમેશાં માત્ર નફો કમવવા માટે ન હતી. તેઓ સામાજિક જવાબદારીઓ પ્રત્યે પ્રતિબદ્ધ હતા. આ વિઝનને કારણે તેમણે તાતા નેનો જેવી સસ્તી કારનું સપનું જોયું અને તેને પૂર્ણ કર્યું. ૧ લાખ રૂપિયામાં આવતી તાતા નેનો કાર માત્ર રસ્તા ઉપર દોડતી ન થઈ પરંતુ હરીફોને પણ બજેટ કાર બજારમાં રજૂ કરવા માટે મજબૂર કરી દીધા હતા. તાતાની આઈકોનિક તાતા ઈન્ડિકાએ પણ ભારતીય કાર તરીકે ઘણી લોકપ્રિયતા મેળવી હતી. ભારતના સૌથી મોટા બિઝનેસમેન રતન તાતાએ લગ્ન કર્યા ન હતા. એક વખત એક ઈન્ટરવ્યૂમાં તેમણે પોતે જ કહ્યું હતું કે, તેઓ ૪ વાર લગ્ન કરવાના હતા પરંતુ કોઈ કારણસર આવું થઈ શક્યું નહીં. તેમણે જણાવ્યું કે ૧૯૬૨માં તેમને એક યુવતી સાથે પ્રેમ થઈ ગયો હતો અને લગ્ન કરવાના હતા પરંતુ ભારત ચીન યુદ્ધ બાદ યુવતીના પરિવારે તેમને ભારત આવવાની ના પાડી દીધી હતી. જેના કારણે લગ્ન થઈ શકયા નહી.

# ઓખાથી બેટ દ્વારકાને જોડતા સુદર્શન સેતુ ખાતે વિકાસ પદયાત્રા યોજાઈ

## કેબિનેટ મુળુભાઈ બેરા, સાંસદ પૂનમબેન માડમ તેમજ ધારાસભ્ય પબુભા માણેકની પ્રેરક ઉપસ્થિતિ



(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા. ૧૪

તા.૦૭થી ૧૫ ઓક્ટોબર દરમ્યાન રાજ્યભરમાં ઉજવાઈ રહેલા વિકાસ સપ્તાહ અંતર્ગત કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરા, સાંસદ પૂનમબેન માડમ તેમજ ધારાસભ્ય પબુભા માણેકએ ઓખાથી બેટ દ્વારકાને જોડતા આઈકોનિક સ્થળ સુદર્શન સેતુ ખાતે 'વિકાસ પદયાત્રા'ને ફ્લેગ ઓફ આપી પ્રસ્થાન કરાવ્યું હતું. જેમાં વિવિધ બેનરો સાથે શહેરીજનો ઉત્સાહભેર જોડાયા હતા. આ પ્રસંગે કેબિનેટ મંત્રી શ્રી મુળુભાઈ બેરાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રીના સફળ નેતૃત્વ હેઠળ સમગ્ર દેશ સહિત ગુજરાત રાજ્યએ વિકાસના નવા આયામ સર કર્યા છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ તા.૦૭ ઓકટોબર,૨૦૦૧ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે સુકાન સાંભળ્યું હતું અને ૨૩ વર્ષ પહેલા શરૂ કરેલી વિકાસ યાત્રામાં ગરીબો-વંચિતોની સાથે બાળકો, મહિલાઓ, ખેડૂતો અને આદિમ જૂથ સહિતના નાગરિકો માટે અનેક કલ્યાણકારી યોજનાઓ શરૂ કરી છે. વાઈબ્રન્ટ ગુજરાત, શાળા પ્રવેશોત્સવ, ગરીબ કલ્યાણ મેળા, સેવાસેતુ જેવા અનેક વિકાસલક્ષી પ્રયાસો થકી ગુજરાતને સમગ્ર ભારતના મોડેલ સ્ટેટ તરીકે વિકસાવ્યું છે. વડાપ્રધાનના ઉત્તમ આયોજનને પગલે સૌર ઊર્જા ક્ષેત્રે પણ ગુજરાત દેશમાં મોખરે છે.

વિકાસ પદયાત્રા નિમિતે સાંસદ પૂનમબેન માડમે જણાવ્યું હતું કે, વડાપ્રધાનનરેન્દ્રભાઈ મોદીએ ૨૩ વર્ષ રાષ્ટ્રની સેવા કરી વિકાસની નવી પરિભાષા રચી છે. રાષ્ટ્ર પ્રથમના મંત્રને જીવન મંત્ર બનાવી છેવાડાના નાગરિકોની હર હંમેશ ચિંતા કરી તેમના જીવનમાં બદલાવ આવે તે માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સતત પ્રયાસો કર્યા છે. નરેન્દ્રભાઈ મોદીનું સમગ્ર જીવન અન્ય લોકો માટે પ્રેરણાસ્ત્રોત તો છે સાથે તેનું અધ્યયન કરવામાં આવે તો ખ્યાલ આવશે કે સફળ અને સક્ષમ નેતૃત્વની પ્રસ્તુતિ થશે.

વધુમાં સાંસદએ કહ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સફળ અને સક્ષમ નેતૃત્વમાં ગુજરાત આજે સમગ્ર દેશમાં ગ્રોથ એન્જિન તથા મોડેલ સ્ટેટ તરીકે ઉભરી આવ્યું છે. આપણો દેવભૂમિ દ્વારકા જિલ્લો છેવાડાનો જિલ્લો છે. નરેન્દ્રભાઈએ જન જન ચિંતા કરી સૌની યોજના થકી નર્મદાના નીર ઘર ઘર સુધી પહોંચાડયા છે. જે આપણા ધરતીપુત્રો માટે જીવાદોરી સમાન બન્યા છે. માત્ર પાણી જ નહિ તમામ ક્ષેત્રે સર્વાંગી વિકાસ સાધી આપણું ગુજરાત વિકાસની હરણફાળ ભરી રહ્યું છે.

આ તકે જિલ્લા કલેકટર જી.ટી.પંડ્યાએ ઉપસ્થિત મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરતા જણાવ્યું હતું કે, રાજ્યમાં તા. ૦૭ ઓકટોબર, ૨૦૦૧થી શરૂ થયેલા વિકાસ કાર્યોથી દરેક નાગરિક માહિતગાર થાય તેવા ઉમદા હેતુથી રાજયભરમાં તા.૦૭ ઓકટોબરથી ૧૫ ઓકટોબર સુધી વિકાસ સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત વિવિધ થીમ આધારિત કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. રાજ્યના ૨૩ આઈકોનિક સ્થળો પર વિકાસ પદયાત્રા યોજાઈ રહી છે. જેમાં આપણા જિલ્લાની આગવી ઓળખ સમા સુદર્શન સેતુ ખાતે પણ આ યાત્રા યોજવામાં આવી છે. ત્યારે આ યાત્રામાં સહભાગી થવા બદલ તમામનો આભાર વ્યક્ત કરું છું.વિકાસ પદયાત્રા દરમ્યાન સાંસ્કૃતિક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આઈકોનિક સ્થળ સુદર્શન સેતુ ખાતે યોજાયેલ વિકાસ પદયાત્રામાં દ્વારકા પ્રાંત અધિકારી એ.એસ. અવતે, નગરપાલિકા પ્રમુખ રાજુભાઈ કોટક, સામાજિક અગ્રણી મોહનભાઈ બારાઈ, ઓખા ચીફ ઓફિસર કિરણ શુક્લ સહિત મોટી સંખ્યામાં શહેરીજનો જોડાયા હતા.

### લાંબા સંઘર્ષ અને વર્લ્ડ વોર ૩ ની આશંકાને હવા મળી

# બ્રાઝિલના ભવિષ્યવક્તા અથોસ સલોમે ત્રીજા વિશ્વ યુદ્ધની ભવિષ્યવાણી કરી

### તેમના જણાવ્યા અનુસાર ઈલેક્ટ્રોમેગ્નેટિક પલ્સ ટેકનિકના વધતાં ઉપયોગના કારણે થઈ શકે છે વિશ્વયુદ્ધ

બ્રાઝિલ, તા.૧૪

મિડલ ઈસ્ટમાં અત્યારે ચાલી રહેલા યુદ્ધ અને તણાવ પર સમગ્ર દુનિયાની નજર છે. દરરોજ એવા સમાચાર સામે આવી રહ્યાં છે જે લાંબા સંઘર્ષ અને વર્લ્ડ વોર ૩ ની આશંકાને હવા આપી રહ્યાં છે. આ માહોલમાં ઘણા એસ્ટ્રોલોજર પોતાની ભવિષ્યવાણીઓની સાથે સામે આવી રહ્યાં છે અને આમાં સૌથી ચર્ચિત છે બ્રાઝિલના ભવિષ્યવકતા અથોસ સલોમ.અથોસ સલોમ, જેમને જીવતા નાસ્ત્રેદમસ કહેવામાં આવે છે. તેમના જણાવ્યા અનુસાર ત્રીજું વિશ્વ યુદ્ધ ઈલેક્ટ્રોમેગ્નેટિક પલ્સ ટેકનિકના વધતાં ઉપયોગના કારણે થઈ શકે છે. મુખ્ય રાષ્ટ્રો પાસે તકનીકી વિક્ષેપ પેદા કરવાની ક્ષમતા છે, જે આ યુદ્ધને વાસ્તવિકતામાં ફેરવી શકે છે. સોશિયલ મીડિયા પર તેમની ભવિષ્યવાણીને ગંભીરતાથી લેવામાં આવી રહી છે. તેનું કારણ તેમની ગત ભવિષ્યવાણીઓ છે. જે મોટાભાગે સાચી સાબિત થઈ છે, જેમાં માઈક્રોસોફટના ગ્લોબલ આઉટેજ, કોરોનાવાયરસ મહામારી અને ઈલોન મસ્કના ટ્વીટર અધિગ્રહણ જેવી ઘટનાઓ સામેલ હતી.

સલોમનું માનવું છે કે આગામી સમયમાં ઈરાન અને ઈઝરાયલ, બંને દેશ પોતાની સૈન્ય રણનીતિઓમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો વધુ ઉપયોગ કરી શકે છે. સાથે જ એ પણ ચેતવણી આપી કે AI નો શાંતિ જાળવી રાખવા માટે ઉપયોગ થઈ શકે છે પરંતુ જો તેનો ખોટો ઉપયોગ થયો તો આ સંઘર્ષને વધારી શકે છે. આ સ્થિતિ વિશ્વને મોટા યુદ્ધની અણી પર લાવી શકે છે.

સલોમના જણાવ્યા અનુસાર EMP તકનીકનો વધતો ઉપયોગ, ખાસ કરીને અમેરિકા, રશિયા, ચીન અને ઉત્તર કોરિયા જેવા દેશોમાં, એક મોટા જોખમ તરફ ઈશારો કરી રહ્યો છે. સલોમ અનુસાર, EMP નો ઉપયોગ ત્રીજા વિશ્વ યુદ્ધમાં કરવામાં આવી શકે છે. જેનાથી 'ત્રણ દિવસનો અંધકાર' જેવી સ્થિતિ પેદા થઈ શકે છે. તેનાથી સમગ્ર દુનિયાનું ઈલેક્ટ્રોનિક માળખું ઠપ થઈ શકે છે. જેનાથી સમાજ તૂટી શકે છે અને દેશોમાં અરાજકતા ફેલાઈ શકે છે.

EMP એક એવું સાધન છે જે માહિતી સિસ્ટમને નષ્ટ કરવા માટે ડિઝાઈન કરવામાં આવ્યું છે. આ માનવો અને ઈમારતોને નુકસાન પહોંચાડતું નથી, પરંતુ ઈલેક્ટ્રોનિક સાધનોને નિષ્ક્રિય કરી શકે છે. આ સામાન્ય રીતે ઊંચાઈ પર થયેલા વિસ્ફોટોથી ટ્રિગર થાય છે, જે પૃથ્વી પર ચુંબકીય વિસ્તારની સાથે સંપર્કમાં આવીને ઈલેક્ટ્રોનિક માળખાને અવરોધી શકે છે. કોલ્ડ વોર દરમિયાન, અમેરિકા અને સોવિયત સંઘ બંનેએ આ તકનીકને દુશ્મનોના પાયાના માળખાને નિષ્ક્રિય કરવાના સાધન તરીકે જોયુ હતુ.

સલોમે કહ્યું કે અમેરિકા અને ચીનની વચ્ચે તણાવ વધી શકે છે. દક્ષિણ ચીન સાગર, જ્યાં ક્ષેત્રીય અને સૈન્ય તણાવ પહેલેથી જ હાજર છે, એક અસ્થિર ક્ષેત્ર બની શકે છે. આ સિવાય એક મોટા સાઈબર હુમલાથી કોઈ દેશના સુરક્ષા માળખા પર હુમલો કરવામાં આવી શકે છે, જે યુદ્ધના કારણે બની શકે છે.

સલોમે એ પણ ચેતવણી આપી છે કે 'ચીન અને રશિયાની વચ્ચે વધતી ભાગીદારી એક મોટા વૈશ્વિક સંઘર્ષને જન્મ આપી શકે છે. એશિયા જ્યાં ઝડપી આર્થિક વિકાસ અને મહત્વપૂર્ણ ભૌગોલિક રાજકીય મહત્વ છે, એક અસ્થિર વિસ્તાર તરીકે જોવામાં આવી રહ્યું છે. આ વિસ્તાર એક આંતરરાષ્ટ્રીય સંઘર્ષને ભડકાવવામાં સક્ષમ હોઈ શકે છે.' અથોસ સલોમની આ ભવિષ્યવાણીઓએ વિશ્વમાં ત્રીજા વિશ્વ યુદ્ધને લઈને ચર્ચાને વધુ ઝડપી કરી દીધી છે હવે એ જોવાનું રહેશે કે આગળ શું થાય છે.

# દિવંગત રતન ટાટાને વેરાવળ આહીર સમાજ દ્વારા નવરાત્રી મહોત્સવ દરમ્યાન મૌન પાળી શ્રધ્ધાંજલી પાઠવી




(પ્રતિનિધિ દ્વારા)

વેરાવળ તા. ૧૪

વેરાવળ ખાતે આહીર સમુદાય દ્વારા નવરાત્રી મહોત્સવની ઉજવણી સાથે દેશના મહાન અને પરોપકારી ઉદ્યોગપતિ દિવંગત રતન ટાટાનું અવસાન થતાં તેમના દિવ્ય અને પુણ્ય આત્માની શાંતિ અર્થે શ્રધ્ધાસુમન અર્પણ કરાયા હતા.

દેશ અને રાજ્યના વિકાસમાં જેમનું અમૂલ્ય યોગદાન રહેલું છે એવા એક ભારતીય ઉદ્યોગપતિ અને પરોપકારી વ્યક્તિત્વ એટલે દિવંગત રતન ટાટા જેમને ભારત સરકાર દ્વારા તેમને વર્ષ ૨૦૦૦માં પદ્મભૂષણ અને ૨૦૦૮માં પદ્મવિભૂષણ નાગરિક સન્માન એનાયત કરવામાં આવ્યા હતા. એવા મહાન વિભૂતિ રતન ટાટાનું ૮૬ વર્ષની ઉંમરે ૯ ઓકટોબર ૨૦૨૪ની મોડી રાત્રે મુંબઈની બ્રીચ કેન્ડી હોસ્પિટલ ખાતે તેમનું નિધન થયું હતું.

રતન ટાટાના નિધનથી સમગ્ર દેશ શોકાતુર છે. ત્યારે વેરાવળ ખાતે આહીર સમુદાયના યુવાનો દ્વારા આયોજીત ભવ્ય નવરાત્રી મહોત્સવમાં ભારતરત્ન એવા દિવંગત રતન ટાટાના દિવ્ય અને પુણ્ય આત્માની ચિર શાંતિ અર્થે શ્રદ્ધાંજલીનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. જેમાં આહીર સમાજના નાના ભૂલકાંથી માંડી વયોવૃદ્ધ વડીલો સહિત દરેક ખેલૈયા ભાઈ- બહેનો દ્વારા ૨ મિનિટનું મૌન પાળી પરમ કૃપાળું પરમાત્મા તેમના દિવ્ય આત્માને વૈકુંઠ પ્રદાન કરે તેવી પ્રાર્થના સાથે શ્રધ્ધા સુમન અર્પણ કર્યા હતા.

# માંગરોળનાં પોસ્ટ માસ્તર સિનીયર સિટીઝનોનું અપમાન કરતા હોવાની ફરીયાદ

(પ્રતિનિધિ દ્વારા)

માંગરોળ તા. ૧૪

માંગરોળ શહેરની એક લાખની વસ્તીમાં માત્ર એકજ પોસ્ટ ઓફીસ છે. જયાં નવા પોસ્ટ માસ્તર સિનીયર સિટીઝનોનું અપમાન કરે છે અને તેઓ સાથે ઉધ્ધત વર્તન કરતા હોવાની લોક ફરીયાદો ઉઠવા પામી છે. તેમજ બચત કલાર્ક રદ્દી નોટો ખાતા ધારકોને આપે છે. આ બાબતે ગ્રાહકો ફરીયાદ બુક માંગે તો આપવામાં આવતી નથી. આ ઉપરાંત પોસ્ટ ઓફિસમાં સીસીટીવી કેમેરા પણ લગાવવામાં આવેલા નથી. પોસ્ટ ઓફીસમાંથી કોઈ ખાતા ધારક પૈસા ઉપાડીને જતા હોય ત્યારે અનિચ્છનીય બનાવ બને તો તેની જવાબદારી કોની? જેથી ગ્રાહકો કંટાળીને અન્ય જગ્યાએ પૈસાનું રોકાણ કરવાનું વિચારી રહયા છે. ઉપરોકત બાબતે સિનીયર સિટીઝન સુરેશભાઈ જોષી અને પ્રવિણભાઈ સોલંકીએ ઉચ્ચકક્ષાએ લેખિત ફરીયાદ પણ કરી છે. જેથી હવે પોસ્ટ તંત્ર આ બાબતે શું પગલા લે છે તે તો આવનારો સમય બતાવશે.

### આ સ્ટાર ખેલાડીને વાઈસ કેપ્ટન બનાવી ચોંકાવ્યા

# ઝડપી બોલર જસપ્રિત બુમરાહને ટીમનો વાઈસ કેપ્ટન બનાવાયો



નવી દિલ્હી, તા.૧૪

BCCIએ ન્યૂઝીલેન્ડ સામેની ૩ ટેસ્ટ મેચની સીરિઝને લઈને રોહિત શર્માના નેતૃત્વ હેઠળની ૧૫ સભ્યોની ટીમની જાહેરાત કરી દીધી છે. પસંદગીકારોએ વધુ એક આશ્ચર્યજનક નિર્ણય લીધો છે. ઝડપી બોલર જસપ્રિત બુમરાહને ટીમનો વાઈસ કેપ્ટન બનાવ્યો છે.

બાંગ્લાદેશ સામેની બે ટેસ્ટ મેચની સીરિઝ માટે રોહિત શર્મા કેપ્ટન હતો. પરંતુ બોર્ડે આ સીરિઝ માટે કોઈ પણ વાઈસ-કેપ્ટન તરીકે કોઈની નિમણૂક કરી ન હતી. એક અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે, રોહિત શર્મા અંગત કારણોસર ઓસ્ટ્રેલિયાના પ્રવાસમાં સીરિઝની પહેલી કે બીજી ટેસ્ટમાંથી બહાર રહી શકે છે.

આ સ્થિતિમાં ન્યુઝીલેન્ડ સામે બુમરાહને ટીમનો વાઈસ-કેપ્ટન બનાવવો એ સંકેત આપી રહ્યું છે કે જો રોહિત શર્મા નહી રમે તો બુમરાહ આ સીરિઝની પહેલી કે બીજી મેચમાં કાર્યકારી કેપ્ટન બની શકે છે. કારણ કે સુત્રોના જણાવ્યા અનુસાર રોહિત પહેલી કે બીજી અથવા તો બંને મેચમાં રમશે નહી.

આગાઉ જસપ્રિત બુમરાહ ટીમનું નેતૃત્વ કરી ચૂક્યો છે. બુમરાહે જુલાઈ ૨૦૨૨માં ઈંગ્લેન્ડ સામે એજબેસ્ટન ખાતે પાંચમી ટેસ્ટ મેચમાં કેપ્ટનની ભૂમિકા ભજવી હતી. આ સિવાય તેણે ૨૦૨૩માં આયર્લેન્ડ સામેની T20 સીરિઝમાં પણ ભારતનું નેતૃત્વ કરી ચૂક્યો છે.

આ સિવાય બુમરાહ વાઈસ કેપ્ટનની પણ ભૂમિકા નિભાવી ચુક્યો છે. ૨૦૨૨માં શ્રીલંકા સામેની ટેસ્ટ સીરિઝ માટે બુમરાહને વાઈસ-કેપ્ટનની જવાબદારી આપવામાં આવી હતી. આ સિવાય તેણે દક્ષિણ આફ્રિકા સામેની બે ટેસ્ટ મેચ અને ઈંગ્લેન્ડ સામેની પાંચ ટેસ્ટ મેચની સીરિઝમાં વાઈસ-કેપ્ટનની ભૂમિકા ભજવી હતી.

તાજેતરમાં બુમરાહે બાંગ્લાદેશ સામે કરેલા શાનદાર પ્રદર્શન બાદ ICC બોલર્સ રેન્કિંગમાં તેણે નંબર ૧ સ્થાન પાછું મેળવ્યું હતું. ઓગસ્ટ ૨૦૨૩માં ઈજાગ્રસ્ત થયા બાદ હવે તે પરત ફરીને શાનદાર પ્રદર્શન કરી રહ્યો છે. તે ૮ ટેસ્ટ મેચોમાં ૪૨ વિકેટ ઝડપી ચૂક્યો છે. આ સમયગાળા દરમિયાન તેની સરેરાશ ૧૪.૬૯ રહી હતી. બુમરાહે ભારત માટે રમેલી ૩૮ ટેસ્ટમાં ૨૦.૧૮ની સરેરાશથી ૧૭૦ વિકેટ લીધી છે. જેમાં ૧૦ વખત ૫ વિકેટ લેવાની સિદ્ધિ પણ સામેલ છે.

# દંપત્તિને ગૂગલ મેપના સહારે રાતે મુસાફરી કરવી ભારે પડી

કેરળ, તા.૧૪

કેરળમાં માર્ગ દુર્ઘટનાનો અજીબોગરીબ મામલો સામે આવ્યો છે. કોચ્ચિ જિલ્લાના પટ્ટીમેટમ નજીક એક દંપતીની કાર ૧૫ ફૂટ ઊંડા કૂવામાં પડી ગઈ. જોકે, દુર્ઘટનામાં બંને લોકો ચમત્કારિક રીતે બચી ગયા છે. શનિવારે કોચ્ચિ પોલીસે આ જાણકારી આપી છે.

આ ઘટનાની વધુ જાણકારી આપતાં પટ્ટીમેટમ ફાયર વિભાગના એક અધિકારીએ જણાવ્યું કે રસ્તા પર એક ઊંડો ખાડો હતો પરંતુ દંપતીને તેના વિશે ખબર નહોતી. જ્યારે કાર ત્યાંથી પસાર થઈ તો તેમણે વાહન પરથી નિયંત્રણ ગુમાવી દીધું.

તે બાદ કાર દુકાન સાથે ટકરાઈ અને નજીકમાં આવેલા કૂવામાં પડી ગઈ. કારની અંદર પતિ-પત્ની સવાર હતા. કારની સાથે જ દંપતી ૧૬ ફૂટ ઊંડા કૂવામાં જઈ પડ્યુ. આ દુર્ઘટનાના કારણે બંને લોકો ઈજાગ્રસ્ત પણ થઈ ગયા.

બચાવ દળના અધિકારીએ જણાવ્યું કે આ દુર્ઘટના શુક્રવારે રાત્રે નવ વાગ્યાની આસપાસ થઈ છે. કારની ઝડપ વધારે હશે. દંપતી કદાચ ગૂગલ મેપનો ઉપયોગ કરી રહ્યા હતા. જ્યારે કારને કૂવાથી બહાર કાઢવામાં આવી તો તેના ફોન પર ગૂગલ મેપ એપ ચાલી રહી હતી. કૂવામાં પાણી ઓછુ હતુ તેથી દંપતી કારના પાછળના દરવાજાથી સુરક્ષિત બહાર નીકળી શક્યા. મદદ પહોંચ્યા સુધી તેઓ કૂવાની અંદર જ ઊભા રહ્યા. સ્થાનિક લોકોએ અને બચાવ અધિકારીઓએ કૂવાની અંદરથી બંનેને સુરક્ષિત બહાર કાઢ્યા.

અધિકારીએ જણાવ્યું કે જો કૂવો પાણીથી ભરાયેલો હોત તો સ્થિતિ અલગ હોત. કૂવાની અંદર સીડી લગાવીને દંપતીને બહાર કાઢવામાં આવ્યા. દંપતીને સામાન્ય ઈજા પહોંચી છે.

### કેસની વધુ સુનાવણી દિવાળી બાદ રાખી

# ગુજરાત હાઈકોર્ટે રાજ્ય સરકારની ઝાટકણી કાઢી

**હાઈકોર્ટે સરકારને કહ્યું ખાલી જગ્યાઓના કારણે જિલ્લા ફોરમ કામ જ ના કરતું હોય તો તેની રચનાનો શું મતલબ?**

અમદાવાદ, તા.૧૪

ગુજરાત રાજ્યમાં વિવિધ જિલ્લાઓમાં ગ્રાહક તકરાર નિવારણ કમિશનમાં ખાલી પડેલી જગ્યાઓ તેમ જ ગુજરાત રાજય ગ્રાહક તકરાર નિવારણ પંચમાં ખાલી પડેલી પ્રમુખ અને મેમ્બર્સની જગ્યાઓ મામલે થયેલી રિટ અરજીમાં ગુજરાત હાઈકોર્ટે સરકારને માર્મિક ટકોર કરતાં જણાવ્યું હતું કે, ખાલી જગ્યાઓના કારણે જિલ્લા ફોરમ કામ જ ના કરતુ હોય તો તેની રચનાનો શું મતલબ..? એકબાજુ રાજ્યમાં બેરોજગાર લોકો છે ને બીજીબાજુ, સરકાર ખાલી જગ્યાઓ ભરતી નથી. અગાઉ કોર્ટને જણાવાયું હતું કે, રાજ્યના જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશનમાં ૩૮ માંથી પ્રેસિડેન્ટની ૨૦ રાજ્યના જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ જગ્યાઓ અને ૭૬ માંથી ૪૭ જ્યુડીશિયલ મેમ્બરની જગ્યાઓ ખાલી છે. દરમિયાન ગ્રાહક બાબતોના વિભાગના સોગંદનામા મારફતે આજે અદાલતને જણાવાયું કે, આસીસ્ટન્ટ ડિરેકટરની જગ્યાઓ પૈકી ૧૪ જગ્યાઓ પ્રમોશનથી ભરવાની થાય છે.

જયારે એક જગ્યા સીધી ભરતીથી ભરવાની છે. જો કે, છેલ્લા બે વર્ષમાં પ્રમોશન કે સીધી ભરતીથી જગ્યાઓ નહી ભરાતાં હાઈકોર્ટે ભારે નારાજગી વ્યકત કરી હતી. સીધી ભરતી જીપીએસસી કરતું હોઈ હાઈકોર્ટે તેને પણ પક્ષકાર બનાવી હતી. હાઈકોર્ટે રાજય સરકારને ગંભીર ટકોર કરી હતી કે, સરકારે વાસ્તવમાં ભરતી માટે કેલેડન્ડર બનાવવું જોઈએ. અધિકારીઓ આ મામલે આળસ કરી શકે નહી. જો જિલ્લા ફોરમોમાં સ્ટેનોગ્રાફર, કલાર્ક કે આસીસ્ટન્ટ ડિરેકટર જ ના હોય તો જિલ્લા ફોરમ કામ કેવી રીતે કરશે..?

જો જિલ્લા ફોરમ કામ જ ના કરી શકતુ હોય તો પછી તેની રચના કરવો શું મતલબ..? દર વખતે હાઈકોર્ટ ટકોર કરે પછી જ સત્તાવાળાઓ બધી કામગીરી કરતા હોય છે. ભરતી માટે સરકારના પ્રયત્ન નહી, વચન જોઈએ. પ્રમોશન નહી થાય તો સીધી ભરતી કેવી રીતે થશે..? એવો પણ હાઈકોર્ટે સવાલ ઉઠાવી ઓછા મહેકમ અને ભરતીમાં વિલંબિતતા મામલે ગ્રાહક બાબતોના વિભાગના પ્રિન્સીપાલ સેક્રેટરી પાસેથી જવાબ માંગ્યો હતો અને કેસની વધુ સુનાવણી દિવાળી બાદ રાખી હતી.

# જૂનાગઢમાં ભવનાથ પ્રવેશદ્વારથી ગિરનાર રોપ-વે સુધીની વિકાસ પદયાત્રા યોજાઈ





## ગુજરાત રાજ્યને વિકાસનું રોલ મોડલ બનાવવા અને દેશને વિકાસની નવી ઊંચાઈએ લઈ જવાનો શ્રેય પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીને જાય છે : કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલ

જૂનાગઢ તા.૧૪

રાજ્યના કૃષિ, પશુપાલન, ગૌ સંવર્ધન, મત્સ્યદ્યોગ ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તથા જૂનાગઢ જિલ્લાના પ્રભારી મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલની આગેવાનીમાં ભવનાથ પ્રવેશ દ્વારથી ઉડન ખટોલા ગિરનાર રોપવે સુધી વિકાસ પદયાત્રા -૨૦૨૪ યોજાઈ હતી. જેમાં પદાધિકારી-અધિકારી ઉપરાંત પોલીસ જવાનો, વિદ્યાર્થીઓ અને નાગરિકો મોટી સંખ્યામાં ઉત્સાહભેર જોડાયા હતા.

કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલ, જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી હરેશભાઈ ઠુંમર, ધારાસભ્ય શ્રી સંજયભાઈ કોરડીયા, કલેકટર શ્રી અનિલકુમાર રાણાવસિયા સહિતના મહાનુભાવોએ ભવનાથ પ્રવેશ દ્વાર ખાતેથી લીલીઝંડી આપી, આ પદયાત્રામાં જોડાયા હતા.

જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આયોજિત આ વિકાસ પદયાત્રાને ઉડન ખટોલા - ગિરનાર રોપ વે ખાતે સંબોધતા કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે જણાવ્યું હતું કે, સમગ્ર દેશમાં ગુજરાત રાજ્યને વિકાસનું રોલ મોડલ બનાવવા અને દેશને વિકાસની નવી ઊંચાઈએ લઈ જવાનો શ્રેય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીને જાય છે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર ભાઈ મોદીએ રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી તરીકે પદભાર સંભાળ્યાની સફળતાના ૨૩ વર્ષ પૂર્ણ થયા નિમિત્તે ગુજરાત સરકાર સમગ્ર રાજ્યમાં વિકાસ સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે. આ દરમિયાન રાજ્યભરમાં અંદાજે રૂ. ૩૫૦૦ કરોડના વિકાસ કામોનું લોકાર્પણ ખાતમુહૂર્ત થઈ રહ્યા છે. આજે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર ભાઈ મોદીએ વિકાસના કંડારેલા પથ પર મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ આ વિકાસ યાત્રાને આગળ ધપાવી રહ્યા છે. કૃષિ મંત્રી શ્રી એ કહ્યું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં અવિરત વિકાસ યાત્રા આગળ ધપી રહી છે. દેશને વિકાસના ટોચના સ્થાને પહોંચાડવા અને વિશ્વની ત્રીજી અર્થવ્યવસ્થા બને તે માટે પ્રધાનમંત્રી શ્રી સંપૂર્ણ પ્રતિબદ્ધતા કાર્ય કરી રહ્યા છે, ત્યારે તેમાં દેશવાસીઓનો સહયોગ પણ આવશ્યક છે. તેમણે કચ્છને ભૂકંપની આપદામાંથી બેઠુ કરવા અને વિકાસના પંથે લઈ જવા, નર્મદાના નીર વિશાળ પાઈપલાઈનના નેટવર્કથી ઘરઘર સુધી પહોંચાડવા, વાઈબ્રન્ટ સમિટ ના આયોજનથી ગુજરાતના ઔદ્યોગિક વિકાસની હરણફાળ, સ્વચ્છ ભારત મિશન સહિતના પ્રજાલક્ષી કાર્યોનો પણ સગૌરવ ઉલ્લેખ કર્યો હતો.


આ પદયાત્રાના સમાપન પૂર્વે ભારત વિકાસ પ્રતિજ્ઞા પણ લેવામાં આવી હતી. ઉપરાંત કલેકટર શ્રી અનિલકુમાર રાણાવાસિયા અને ઉષા બ્રેકોના મેનેજર શ્રી કુલબીરસિંગ બેદીએ કૃષિ મંત્રીશ્રીને સ્મૃતિચિહ્ન અર્પણ કરી આવકાર્યા હતા.

આ પ્રસંગે સંત શ્રી મહાદેવગીરીબાપુ, શ્રી દલપતગીરીબાપુ, પૂર્વ મેયર ગીતાબેન પરમાર, કમિશનર શ્રી ઓમ પ્રકાશ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી નીતિન સાંગવાન, ભ નિવાસી અધિક કલેકટર શ્રી એન.એફ. ચૌધરી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રી પી. એ. જાડેજા અગ્રણી ધર્મિષ્ઠાબેન કમાણી સહિતના પદાધિકારી અધિકારી ઉપરાંત કચેરીઓના કર્મચારીઓ અને નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

શું તમે ઘણી દવા કરવા છતાં રીઝર્ટ મળતું નથી ?
ઓપરેશન કરાવતા પહેલા
આયુર્વેદીક દવાથી સચોટ ઈલાજ
૨૦ વર્ષનાં અનુભવી
કાનમાં આવતા રસી, બહેરાશ તથા તમામ બિમારીની સલાહ માટે મળો
(પચીસ રોગોની કાયાકલ્પ દવા)
હ.બીપી, લો. બીપી, આધાશીશી, અશકિત, ઉનમાદ, અનિંદ્રા, નપુંસકતા, ચક્કર, હીસ્ટોરીયા, એસીડીટી વગેરે માટે
(વૈદ હિતેશભાઈ રમણીકભાઈ મકવાણા)
મો. ૯૮૨૪૨ ૧૦૧૫૭ - જૂનાગઢ
(મુ. વડાલ વાળા)

ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા
જોષી દાદા મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭ ૯૪૨૮૦ ૨૬૯૬૮
નક્ષત્ર – જ્યોતિષ
શું તમારૂ સગપણ થતું નથી ?
શું તમારો ધંધો મંદો ચાલે છે ?
શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?
શું તમો વારંવાર બિમાર પડો છો ?
આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ
આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.
કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮, તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ
ફોન કરીને અવશ્ય આવવું

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એક્સચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
MI-GL
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
બીના ઈલેક્ટ્રોનિક્સ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
(પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે )
અન્યો માટે રાહતદરે સારવાર
હરિ–કલા યુરોસર્જીકલ હોસ્પિટલ
ડો. જયંત એચ. પંડયા
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેક્ટલ સર્જન

ઉપલબ્ધ સેવાઓ :
- હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ૧૦૦% સારૂ થવાની ગેરેંટી
- પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો
પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૨૬૫૦ ૬૪૬૭૪, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

સોપારીનું કટીંગ રીટેઈલમાં મળશે
અમારી સ્પેશ્યલ જુની મોરો સોપારીનું કટીંગ ફકત ૨૫૦ ગ્રામ લઈ અને ખાત્રી કરો
તમે જ કહેશો કે વાહ ભઈ વાહ
મોરો સોપારી કટીંગ ૧ કિલોના ફકત રૂા.૬૦૦
પ્યોર આખી મોરો જૂની સોપારી ૧ કિલોનાં રૂા. ૫૯૦ ફકત / આ રીટેઈલ માટે છે
નહી આવો તો જરૂર અફસોસ
જૂનાગઢ
મો.૯૩૭૬૬૦ ૫૫૬૨

• હરક્યુલિસ સાયકલ • કોરાડો સાયકલ
• હીરો સાયકલ • બ્રિટીશ ઈગલ સાયકલ
• બીએસએ સાયકલ • ફન રાઈડ ટ્રાસીકલ
• વિકટર ૯૧ સાયકલ • દાસ સાયકલ
• હિલી સાયકલ
તેમજ દરેક કંપનીની સાયકલ બેબી ટ્રાયસીકલ, બેબી વોકર, ફેન્સી મોડેલમાં સ્પોર્ટસ સાયકલ ઉપલબ્ધ
ગેલેક્સી ઓટો એન્ડ સાયકલ એજન્સી
માંગનાથ રોડ, જૂનાગઢ(ગુજરાત)
મો.૯૯૦૪૦ ૩૪૨૦૮

